गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराईट विभाग]

अनुक्रमांक ૯૨૩૦૩ वर्गांक

पुस्तकनुं नाम ત્રધન પાઠાવલિ

विषय म१५:८४६:ग[illegible]

શ્રી વૈષ્ણવ

પ્રથમ પાઠાવલિ

લેખકો:—
પુરૂષોત્તમદાસ ત્રિભુવનદાસ [illegible]
મણિલાલ ત્રિભુવનદાસ ગાંધી
વડવા કુવા, નડીઆદ

પ્રકાશક:—
શ્રીવૈષ્ણવ યુવક મંડળ,
શ્રીસાતસ્વરૂપની હવેલી, નડીઆદ

ત્તિ   પ્રત ૩૦૦૦   વલ્લભાબ્દ ૪૪૭

કિંમત ૪ આના.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૨૩૦૩

શ્રી "ખડાયતા મુદ્રણ કલા મન્દિર" અમદાવાદમાં
કેશવ હ. શેઠે છાપ્યું.

પ્રસ્તાવના

. .

શ્રીવૈષ્ણવ બાળબોધથી છપાવ્યા પછીથી અમારો વિચાર પ્રથમ પાઠાવલી છપાવવાનો હતો, પરંતુ દ્રવ્યસંકોચને લીધે કાર્ય અટકી પડ્યું હતું. પ્રભુ ઇચ્છાથી તે છપાવવાનો અવસર પ્રાપ્ત થયો છે. અત્રેની પાઠશાળામાં ચાલતા પ્રથમ વર્ગને તે ઉપયોગી થઇ પડે તે માટે આ પુસ્તક રચવાનું પ્રયોજન છે. તેની અંદર કેટલાએક અઘરા પાઠ હોવાથી પુસ્તકનો અમુક જ ભાગ ચલાવવાનો વિચાર છે. આ પુસ્તકને વૈષ્ણવવૃન્દ આદરથી વધાવી લેશે એવી આશા છે. પુસ્તકના મુદ્રણમાં જે અશુદ્ધિ રહી ગઇ છે તેની શુદ્ધિ કરી શુદ્ધિપત્ર મૂક્યું છે.

પુરૂષોત્તમદાસ કવિ
મણિલાલ ગાંધી

આ પુસ્તકના સર્વ હક્ક લેખકોએ પોતાને સ્વાધીન રાખ્યા છે.

શુદ્ધિપત્ર

અશુદ્ધિ	શુદ્ધિ	પાનું
ખિમનોર	ખિમ્નોરી	૨
,,	,,	૩
પધાર્યાં	પધરાવ્યાં	૫
ગામેગમ	ગામેગામ	૫
શકતું હતું.	શકતો હતો	૬
હિંડેળા	હિંડોરા	૬
મોકવામાં	મોકલવામાં	૭
સ્વભાવતા	સ્વભાવના	૭
પદ્યનાભદાસ	પદ્મનાભદાસ	૮
લીલાના	લીલાનાં	૮
કૃંણુતી	કૃષ્ણુની	૮
અવિર્ભૂત્	આવિર્ભૂત	૧૯
કૃણુ	કૃષ્ણુ	૧૯
મનુષ્યતનું	મનુષ્ય તનુ	૨૨
रसरुप	रसरूप	૨૫
त्रिधातं	विधातं	૨૬
परमोदारोस्ति	परम उदारोऽस्ति	૨૭
મયાદા	મર્યાદા	૩૦
અર્થીત્	અર્થાત્	૩૦
વેણું	વેણુ	૩૦
કત્તા	કર્ત્તા	૩૧
અરાડ	અરાઢ	૩૫
ભકિતનિષ્ટ	ભક્તિનિષ્ઠ	૩૫
સમ્યક	સમ્યક્	૩૬
આધિદૈવિ	આધિદૈવિક	૪૦
સમર્થી	સામગ્રી	૪૪
અવિછિન્ન	અવિચ્છિન્ન	૪૪
જય શ્રીકૃષ્ણ	જયશ્રીકૃષ્ણુ	૪૮
ભગવદીયા	ભગવદીયો	૫૯
પોતપણા	પોતાપણાની	૬૧
વ્યભિધારી	વ્યભિચારી	૬૬
જરૂરીયાત જ	જરૂરિયાત જ	૬૯
વિધ્રંસ	વિધ્વંસ	૭૧
કૃષ્ણુદાસાની	કૃષ્ણુદાસની	૭૬
હરિદાસ વર્ય ધર	હરિદાસવર્યધર	૭૬
શરણુંગત	શરણુાગત	૮૦
ઉદ્દેશ	ઉદ્દેશ	૮૧
ભગત્કૃત	ભગવત્કૃત	૮૨
,,	,,	૮૨

અનુક્રમણિકા

પાઠ	વિષય	પૃષ્ઠાંક
૧	શ્રીકૃષ્ણનું સ્વરૂપ (કવિતા)	૧
૨	શ્રીહરિરાયજી	૧
૩	નટપુરના છપ્પન ભોગનું વર્ણન	૪
૪	આવો આવો આમ (કવિતા)	૮
૫	સત્સંગની જરૂરીયાત	૯
૬	દિનતા વિષે	૧૩
૭	બ્રહ્મમય શ્રીકૃષ્ણ ભા. ૧	૧૭
૮	બ્રહ્મમય શ્રીકૃષ્ણ ભા. ૨	૨૧
૯	પુષ્ટિપંથના સ્થાપક (કવિતા)	૨૪
૧૦	ભગવત પ્રકૃતિ વર્ણન	૨૫
૧૧	તુલસી સમર્પણ	૨૮
૧૨	તિલક વિષે (કવિતા)	૩૦
૧૩	કર્મ, જ્ઞાન અને ભક્તિનું સરવાયું ભા. ૧	૩૧
૧૪	કર્મ, જ્ઞાન અને ભક્તિનું સરવાયું ભા. ૨	૩૫
૧૫	નિરોધ વિષે	૩૯
૧૬	મનુષ્ય દેહની ઉત્તમતા (કવિતા)	૪૨
૧૭	पत्रं पुष्पं फलं तोयम्	૪૩

શ્રી વલ્લભ:

પાઠ પહેલો

શ્રી કૃષ્ણનું સ્વરૂપ (કવિતા.)

માથે મયૂર મુકુટે મન મારૂં મોહ્યું,
મુખે મનો'ર મુરલી મન મેં તો ખોયું:
માનુનિ મંડલ મહીં મુકી માન મારો,
માગે મહુકી મહી માંખણ મોહે કારો.

પાઠ ૨

શ્રીહરિરાયજી.

શ્રીહરિરાયજીનો પ્રાદુર્ભાવ સંવત ૧૬૪૭ના ભાદરવા વદી પંચમીના રોજ થયો હતો. એમના પિતાનું નામ શ્રી કલ્યાણરાયજી હતું. એઓશ્રીને શ્રીગોસાંઇજીના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીનું પ્રાસસંબંધ હતું, તેઓ લગભગ ૧૨૦ વર્ષ

સુધી આ ભૂતળ ઉપર બિરાજ્યા હતા. એઓશ્રીએ માર્ગનું રહસ્ય જણાવનારા તેમજ શિક્ષા અને વાદના ઘણા ગ્રંથો તેમજ અષ્ટપદીઓ તથા વિવિધ રાગમાં ભગવદ્ લીલા સંબંધી સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં ઘણું સાહિત્ય લખ્યું છે.

એમના ગ્રંથો ઉપરથી એમ અનુમાન થાય છે કે એમણે પ્રમાણ કરતાં પ્રમેય ઉપર ઘણો આધાર રાખ્યો છે. દૈન્ય અને શ્રીમહાપ્રભુજીમાં સંપૂર્ણ આસક્તિ એ એમના ગ્રંથોનું મુખ્ય ધ્યેય છે.

શ્રીમહાપ્રભુજીના ગ્રંથો ભક્તિશાસ્ત્ર અને ભક્તિમાર્ગ સ્થાપક હતા, તે પ્રખર પંડિતો અને તત્ત્વજ્ઞાનીઓને માટે રચાયેલા હોવાથી સરલ, ટુંકી અને અર્થગ્રાહી ભાષામાં લખાયલા જણાય છે. શ્રીહરિરાયજીના ગ્રંથો વિદ્વાન એતન્માર્ગીય વૈષ્ણવોને માટે રચાએલા હોવાથી અને તે આચાર્યશ્રીના ગ્રંથો ઉપર વિવરણ રૂપ હોવાથી સરલ પણ વિસ્તારવાળી વાણીમાં લખાયલા છે, ઘણા ખરા ગ્રંથો બૃહત્સ્તોત્ર સરિત્સાગરમાં મુદ્રણ થઇ ગયા છે.

શ્રીહરિરાયજીની સાત બેઠકોનું વર્ણન બેઠક ચરિત્રના પુસ્તકમાંથી મળી આવે છે. (૧) શ્રીગોકુલમાં (૨) શ્રી નાથદ્વારમાં (૩) શ્રીખમનોરીમાં (૪) શ્રીજેસલમેરમાં

(૫) શ્રીડાકોરમાં (૬) શ્રીસાવલીમાં (૭) શ્રીજંબુસરમાં. ડાકોરમાં શ્રીરણછોડરાયજીને શ્રીહરિરાયજીએ મંદિરમાં પધરાવ્યા અને સેવા પ્રકાર ચલાવ્યો. અદ્યાપિ પર્યંત મર્યાદામિશ્ર પુષ્ટિ પ્રમાણે સેવા ચાલે છે. જે ગોસ્વામિ બાલક ડાકોર પધારે તે શ્રીરણછોડરાયજીના શૃંગાર કરે છે; અને રાજાઠાકોર હોવાથી વૈષ્ણવોને પણ ચરણસ્પર્શનો અલભ્ય લાભ મલે છે, તે પ્રતાપ શ્રીહરિરાયજીનો છે.

ઉત્તરાવસ્થામાં શ્રીહરિરાયજી ભગવાનના વિરહથી ક્લેશયુક્ત રહેતા, અને કેટલીક વખત ભગવાનના પ્રકટ સ્વરૂપના દર્શન માટે રોતા. પોતે તે વખતે શ્રીનાથદ્વારથી ત્રણ ગાઉપર આવેલા ખમનોર ગામમાં બિરાજતા હતા. શ્રીનાથજીની સેવા તિલકાયત કરતા હતા, પરંતુ સેવામાં કંઇપણ ભૂલ આવતી તો શ્રીનાથજી તે વાત શ્રીહરિરાયજીને જણાવતા એટલે તરત જ શ્રી હરિરાયજી શ્રીનાથદ્વાર પધારી તે ભૂલ સુધરાવતા; એવો તેમના ઉપર પ્રભુનો અનુગ્રહ હતો. પોતાના કેટલાક ગ્રંથોમાં પોતાનું નામ હરિદાસ લખે છે; એજ એમની દીનતા ભાવનું લક્ષણ છે. પોતાના નાનાભાઇ શ્રીગોપેશ્વરજીનાં વહુજી સેવામાં બહુજ સહાયક હતાં. તેમના લીલામાં પધારવાથી શ્રીગોપેશ્વરજીને થતી મનોવ્યથા દૂર કરવાને તેમજ સમગ્ર વલ્લભીય સૃષ્ટિને બોધ કરવાને ૪૧ શિક્ષાપત્રો લખ્યા છે. આ શિક્ષાપત્રોનું વિ-

વરણ શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં કરેલું છે, તે જ્યાં જ્યાં ભગવત્ મંડલી થાય છે, ત્યાં ત્યાં વાર્તા વંચાઇ ગયા બાદ દરરોજ શિક્ષાપત્ર વંચાય છે; તે પુસ્તક પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ તથા ભાવના અને સિદ્ધાંતોથી ભરપૂર છે.

પાઠ ૩

નટપુરનો છપ્પનભોગ

જ્યારે વલ્લભકુળની અંદર કોઇપણ ગોસ્વામી બાલકને મહાન ઉત્સવ કરવાની ઇચ્છા થાય ત્યારે છપ્પનભોગ કે જે મહાન્ ઉત્સવ ગણાય છે, તે કરતા. છપ્પનભોગ એ એક મહાન્ યજ્ઞરૂપ છે. તેનું ફળ યજ્ઞના ફળ કરતાં મોટું છે. તે પુષ્ટિમાર્ગની અંદર મોટામાં મોટો ઉત્સવ ગણાય છે. ઘણું ખરૂં જ્યારે વલ્લભકુળના બાળકોને ઉપનયન સંસ્કાર અથવા તો લગ્ન પ્રસ્તાવ હોય ત્યારે તેનો આરંભ થાય છે. કંઈ પણ કાર્ય વગર પણ તે થઇ શકે છે અને તેમ ઘણા બાલકોએ કરેલા છે. તેની સાથે બારે માસનાં ઉત્સવનાં દર્શનનો અલભ્ય લાભ પણ મળે છે.

આ ઉત્સવ થતાં પહેલાં ઘણી ઘણી તૈયારીઓ કરવી પડે છે. વૈષ્ણવો તથા બાલકોને તેડાવવા કુમકુમ પત્રિકાઓ દરેક ગામે મોકલવામાં આવે છે. તેવા મહાન ઉત્સવો શ્રીનાથદ્વાર, શ્રીગિરિરાજ, શ્રીકાંકરોલી, શ્રીગોકુળ, સુરત, ડાકોર, નડીઆદ, પોરબંદર ઇત્યાદિ સ્થળે થયા હતા. શ્રી નાથદ્વારમાં તો માગશર સુદી પૂનેમને દિવસે પ્રતિવર્ષ હજુ પણ થાય છે.

નટપુરનો છપ્પનભોગ સંવત ૧૯૩૭ના ફાગણ વદી ૬ ને રોજ થયો હતો. તે સમયના વૈષ્ણવોનો ભાવ, તેમની શૈલી તેમની રહેણી કરણી વગેરે અનુકરણીય હતું. તે પ્રસંગે વ્યવસ્થામાં બીલકુલ ખામી નહોતી. શ્રીસાનસ્વરૂપની હવેલીમાં, નટપુરના બિરાજતા ગોસ્વામી ૧૦૮ શ્રી બાલકૃષ્ણજી તથા અન્ય સ્વરૂપો પધાર્યા હતા. વૈષ્ણવોના શિરતાજ, ચતુર શિરોમણી શ્રીમદ્ વ્રજરત્નલાલજી મહારાજ ઉર્ફે લાલબાવા શ્રીએ ગામેગામ ખબર આપી અને શ્રી ગોસ્વામી બાળકોને કંકોતરીઓ લખી તેડાવ્યા હતા. ગોસ્વામી બાળકોને ઉતરવા સારૂ વૈષ્ણવોએ ઘણી સારી જોગવાઈ કરી હતી. પરગામી વૈષ્ણવો માટે ધર્મશાળાઓ તેમજ દેસાઈ કુટુંબની વાડીની માગણી કરી હતી. દેસાઈની વાડીમાં મરજાદી વૈષ્ણવોને ઉતારો આપ્યો હતો. બીજા વૈષ્ણવોએ પણ પોતાના મુકામની વ્યવસ્થા કરી લીધી હતી.

છપ્પનભોગના ઉત્સવને દિવસે ઘણી ભીડ થવાથી સરકારનો જાપ્તો રાખવામાં આવ્યો હતો. તે વખતે હવેલીનો તથા બહારનો બંદોબસ્ત એવો સરસ હતો કે દરેક વૈષ્ણવ સુગમતાથી દર્શન કરી શકતું હતું.

આવા મહાન ઉત્સવને પ્રસંગે નડીયાદમાં કોઇપણ માણસનું મૃત્યુ થવા પામ્યું નહતું. સાધારણ મેળામાં રોગ લાગુ પડી જાય છે. પણ ઘણા માણસો હતા તોપણ આ ઉત્સવમાં રોગનું ચિહ્ન પણ જણાતું નહતું. કેટલાક વૈષ્ણવોના મનમાં એમ થઈ આવ્યું કે તલાવમાં પાણી આટલા બધા માણસો આવ્યા છે તેથી ખુટી જશે. પણ પ્રભુકૃપાથી એક તલમાત્ર પણ પાણી ઘટ્યું નહોતું. તે ઉત્સવને લઇને બારે માસના ઉત્સવો મનાયા; જેવા કે ડોળ, હિંડોળા, જન્માષ્ટમી, રથયાત્રા, દાન, સાંગી, રસોત્સવ, અન્નકોટ ઈત્યાદિ. તે સર્વ ઉત્સવનાં દર્શન કરી ક્યા વૈષ્ણવનું હૃદય પ્રફુલ્લિત ન થાય? પરગામી તેમજ નડિયાદના મહાજન વૈષ્ણવોને એક દિવસ પ્રસાદ લેવરાવવામાં આવ્યો હતો. પ્રભુનો પ્રસાદ આટલા બધા વૈષ્ણવોને પહોંચશે કે કેમ તે વિષે વૈષ્ણવ કાર્યકર્તાઓને શંકા થઇ. તેઓ સર્વેએ મહારાજશ્રીને વિનંતિ કરી કે કૃપાનાથ! વૈષ્ણવો ઘણા છે અને પ્રસાદ થોડો છે માટે શું કરવું? શ્રીગોપાળલાલજી મહારાજ હાથમાં ઉપરણા લઈ જ્યાં પ્રસાદી ભંડાર હતો ત્યાં પધાર્યા

અને પ્રસાદની ઉપર ઉપરણો ઢાંકી વૈષ્ણવોને આજ્ઞા કરી કે પીરસવાનું કાર્ય શરૂ કરો. મહારાજશ્રીની આજ્ઞાને માન આપી ઉત્સાહી વૈષ્ણવોએ પ્રેમથી પીરસવા માંડ્યું. દરેક વૈષ્ણવે શાંતિપૂર્વક પ્રસાદ લીધો અને પ્રભુની જય બોલાવી મુકામે ગયા. પ્રસાદ ઘણો વધ્યો. તેનાં ગાડાં ભરી પરગામે મોકલવામાં આવ્યાં તોપણ તે ખુટયો નહિ. આવો મહારાજશ્રીનો ચમત્કાર જોઇ વૈષ્ણવો ચકિત થઇ ગયા. આવો છપ્પનભોગ કોઇપણ જગ્યાએ થયો હશે કે કેમ તેને માટે શંકા છે. નટપુરના છપ્પનભોગની તો બલિહારી છે.

લાલબાવાશ્રી પોતે માયાળુ તેમજ મલતાવડા સ્વભાવતા હતા. નટપુરના વૈષ્ણવો ઉપર તેઓશ્રી અત્યંત સ્નેહની દૃષ્ટિએ જોતા. સંવત ૧૯૨૮ની સાલમાં વૈશાખ સુદ ૮ના રોજ કોટાથી પગ રસ્તે શ્રીગુસાંઇજીના સેવ્ય શ્રી બાલકૃષ્ણજીને સલુણ બજારમાં થઈને શંખનાદ સહિત વાજતે ગાજતે સવારના સાત વાગે મંદિરમાં પધરાવ્યા. તેઓશ્રીના અથાગ પરિશ્રમનો લાભ અદ્યાપિ પર્યંત વૈષ્ણવો લે છે.

છપ્પનભોગનો ઉત્સવ ઉજવાઇ ગયા બાદ શ્રી બાલકૃષ્ણજી તથા અન્ય સ્વરૂપોને મેનામાં પધરાવી, ઝાંઝમૃદંગના મધુર અવાજથી કીર્તન કરતો વરઘોડો મંદિર તરફ જતો હતો. તેનું વર્ણન કોણ કરી શકે? મંદિરની ટીબારીમાં પ્રભુને પધરાવી શ્રી વ્રજરત્નલાલજી મહારાજે દૃષ્ટિદોષ નિવારણ

સારૂ પ્રભુને રાઇલુણ કર્યું. ત્યારબાદ પ્રભુના શયન પછી ગોસ્વામી બાળકો પોતપોતાના મુકામે પધાર્યા. ગોસ્વામી બાળકોને વિદાયગીરી આપ્યા પછીથી વૈષ્ણવવૃંદ પણ વિખરાવા લાગ્યું. પદ્મનાભદાસ પોતાના કિર્તનમાં ગાય છે કે "**येही अवसर जे हुते ते महा भाग्यवान**" ખરેખર! તે વખતે જે વૈષ્ણવોએ અલૌકિક લીલાના દર્શન કર્યાં તેનાં અહોભાગ્ય છે.

પાઠ ૪.

આવો આવો આમ. (કવિતા).

આવો આવો આમ, હે વલ્લભી તમામ,
આપણે ઉમંગે ગાઇએ વલ્લભનું નામ. ટેક
ચંપારણ્યે અગ્નિપુંજમાં એલે નાનું બાળ
માત ઈલમ્મા ઉમંગે લઇ કરે બાળ પંપાળઃ- ૧
દેવ દુંદુભી પુષ્પના વૃષ્ટિ મંગળ ચિન્હ દેખાય
શિવસનકાદિક નારદ શારદ દર્શન કરવા જાયઃ- ૨
સંવત પંદરસો પાંત્રીસનાં પ્રકટયા વલ્લભરાય,
શ્રી લક્ષ્મણ ગૃહે પ્રભુ પધાર્યા, આનંદ ઉત્સવ થાયઃ ૩
ચૈત્ર કૃષ્ણની એકાદશી ને વળી શુભ તિથિ રવિવાર,
ભક્તિ માર્ગના સૂર્ય પ્રકાશ્યો પ્રણમું વારંવારઃ- ૪

ચાર વેદ ષટ્શાસ્ત્ર અને વળી પુરાણનું અધ્યયન
નાની વયમાં પૂર્ણ કરીને બતાવ્યું કૃષ્ણ ભજનઃ- ૫
કૃષ્ણ શ્રીસ્વામિનીજીનું વિરહાત્મક સ્વરૂપ,
કૃષ્ણૈકતાનાચાર્ય ચરણને નમ્યા છે મોટા ભૂપઃ- ૬
માયા મતનું ખંડન કરીને સ્થાપ્યો ભક્તિ પંથ,
શુદ્ધાદ્વૈત સીધો દેખાડયો ભજો શ્રીભજનાનંદઃ- ૭
શરણ થકી સૌ સે'લું પડશે, સર્વેનું શુભ કામ,
સ્મરણ કરો સૌ હેત પ્રેમથી, વલ્લભ વલ્લભ નામઃ- ૮

પાઠ ૫ મો.

સત્સંગની જરૂરિયાત

બ્રહ્મસંબંધ મંત્રોપદેશની દિક્ષા લીધા પછી આપણું કર્તવ્ય શું ? પછી કાંઇ બાકી રહે છે ? હા; આપણે બ્રહ્મસંબંધ એતો સર્વોત્કૃષ્ટ ફલાકાંક્ષાથી એક બીજ વાવ્યું છે, પણ કેવલ બીજ રોપી જળ સિંચન કરવામાં ન આવે તો તેનાં ફળો આપણને મળી શકતાં નથી, તેમજ બ્રહ્મસંબંધ એ એક પ્રકારનો સર્વોચ્ચ ફલનો બીજારોપ છે. તેને ભગવદી-ઓના સંગ રૂપી જલ સિંચનની સતત્ જરૂર છે. આપણે બીજને વાવી દીધું પણ વર્ષમાં એકવાર જલનું સિંચન કરતા હોઈએ પણ તે બીજ એવું સારૂં થતું નથી, તેવી

રીતે આપણે પણ કોઈ વખતે સભા ભરી વાક્ચાતુર્ય દર્શાવીએ તેના કરતાં રોજના સત્સંગની અસર કંઈ જુદાજ પ્રકારની થાય છે. કારણ કે સત્સંગથી આપણને સ્વ-માર્ગીય કર્તવ્યનું દૃઢ જ્ઞાન થાય છે. તેથી કરીને આપણા દૃઢ મન ઉપર બીજાની અસર થતી નથી, હંમેશાં પાડાઓ જ્યારે લડાઈ કરે ત્યારે નાનાં નાનાં જળનાં ખાબોચિયાંને ડોળી નાખે છે, પણ મોટાં સરોવરો ડોળી શકતા નથી. તેવી રીતે જો આપણા મનને પણ સત્સંગથી સરોવર જેવાં કરી રાખ્યાં હોય તો પછી તે બીજાથી ડગી શકે નહિ. તેથી દરેક વૈષ્ણવે પોતાના ગામમાં જ્યાં બધાને અનુકુળ પડે ત્યાં રાત્રીના સમયમાં રોજ અવશ્ય સત્સંગ કરવો. જેમ અગ્નિમાં કાષ્ટ ઉમેરવામાં આવે છે અને અગ્નિ પ્રજવલે છે તેમ ભગવદીયના સંગથી ભાવની વૃદ્ધિ થાય છે.

વૈષ્ણવ હોવા છતાં ઘણા થોડા મનુષ્યોના લલાટ ઉપર વૈષ્ણવ ચિન્હ જોવામાં આવે છે, તેથી તેવા પ્રમાદ નહિ કરતાં દરેકે પ્રાત:કાલે વહેલા ઉઠી શૌચાદિથી નિવૃત્ત થઇ સ્નાન કરી અંતરશુદ્ધિ માટે ચરણામૃત લેવું. ભગવાનના આપણે સેવક છીએ, જેમ રાજાના સેવકો રાજ્યના અમો નોકર છીએ, એવું બતાવવા રાજ્ય ચિન્હ ધારણ કરે છે, તેવી રીતે પ્રભુની ચરણાકૃતિ જેવું તિલક ધારણ કરવું જોઇએ; પછીથી એક સુંદર ચિત્રજીનાં દર્શન કરી કે જે

૧૨૩૦૩

આપણામાં સદ્ભાવ ઉત્પન થાય તેવા ચિત્રજી સાંપ્રદાયિક આચાર્યદ્વારા સેવ્ય કરાવી નિત્ય નિયમથી તે પ્રભુને ભોગ ધરી તે પ્રસાદી-મિશ્રી-પોતાની રસોઇમાં પધરાવવી તેમજ એક જલની ઝારી પણ ભરવી અને તે પ્રસાદી જલ પોતાના ઉપયોગી જલમાં પધરાવવું. આવી રીતે દરેક વસ્તુ પ્રભુને સમર્પણ કર્યા પછી તેને ઉપયોગમાં લેવી.

હવે સેવાની કૃતિમાં ગુરૂની આજ્ઞા એ મુખ્ય છે, તેમાં વળી જો હરિની ઇચ્છા હોય તો તે આજ્ઞા બાધ કરતી નથી. હરિની ઇચ્છામાં પણ ભેદ છે. પ્રભુના સુખને માટે પ્રભુની આજ્ઞા હોય તો તે પ્રમાણે વર્તન કરવું પણ સેવકના સુખને માટે હોય તો તે આજ્ઞાનું પાલન નહિ કરતાં ગુરૂની આજ્ઞાનું અવલમ્બન કરવું. દૃષ્ટાંત તરીકે જટાધારી ગોપાલદાસને શ્રીમત્પ્રભુ ચરણે નેત્ર બંધ રાખીને શ્રીનાથજીને પંખો કરવાની સેવા સોંપી હતી. રાત્રીના સમયમાં શ્રીનાથજીએ આજ્ઞા કરીકે ગોપાલદાસ, નેત્ર ખોલો અને દર્શન કરો. ગોપાલદાસે મનમાં વિચાર્યું કે આ આજ્ઞામાં પ્રભુનું સુખ નથી પણ મારૂં સુખ છે, માટે ગુરૂની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. ગોપાળદાસે આજ્ઞા હોવા છતાં પોતાનાં નેત્ર ખોલ્યાં નહિ. શ્રીદ્વારિકાધીશ દામોદરદાસ સંભરવાળાને માથે બિરાજતા હતા. ઉષ્ણકાળમાં મંદિર મંગળ કરી ચોતરા ઉપર સુઇ ગયા, શ્રીદ્વારિકાધીશને ગરમી લાગવાથી

તેમની દાસીને આજ્ઞા કરી કે કમાડ ખોલ. આ આજ્ઞામાં પ્રભુનું સુખ હતું, માટે આ ઠેકાણે ગુરૂ આજ્ઞાનો બાધ લાગતો નથી.

" निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः " તાદૃશી વૈષ્ણવ જનોની સાથે નિવેદનનું સ્મરણ કરવું; આવી આજ્ઞા શ્રીવલ્લભ પ્રભુની છે. સત્સંગ ભાવનો પોષક છે. વૈષ્ણવ વૈષ્ણવને ઘેર પધારે ત્યારે તેની પરિચર્યા યથાશક્તિ કરવી. એ શ્રીહરિને પ્રસન્ન કરવાનું સાધન છે. નિરોધ લક્ષણ ગ્રંથના ટીકાકાર શ્રીગોકુલેશજી ત્રીજા શ્લોકની ટીકા કરતાં પોતે આજ્ઞા કરે છે કે જ્યારે પ્રભુ ગોકુલથી મથુરાં પધાર્યા તેથી ગોપીજનો પ્રભુના વિયોગથી દુઃખી થતાં હતાં તે વખતે પ્રભુએ ઉદ્ધવજીને ગોપીજનો પાસે મોકલ્યાં તે વખતે તે ગોપીજનોને તેમના આવવાથી આનંદ થયો અને મોટો ઉત્સવ માન્યો કે પ્રભુએ મોકલેલો દુત આવ્યો તે કંઇ પ્રભુની ખબર આપણને કહેશે. તેવી રીતે વૈષ્ણવ એ એક પ્રભુનો નિકટવર્તી છે, એમ સમજી તેમની પરિચર્યા કરવી કે જેથી તે પ્રસન્ન થાય તો પ્રભુ કૃપા કરે, એજ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે.

"कुमकुमना तिलकने तिलांजली नव आपशो
नव होय साधन एहनुं तो मुज पासे मागशो."

પાઠ ૬ ઠ્ઠો

દીનતા વિષે

પુષ્ટિમાર્ગનો મૂલ પાયો દીનતા છે. માટે જ્યાં સુધી એ વિષયમાં મનનું સમાધાન થાય નહિ, ત્યાંસુધી પુષ્ટિમાર્ગજ સમજાય નહિ; માટે એ વિષય સમજવાને પ્રયાસ કરવો જોઇએ. પણ જીવ પાસે એવું સાધન નથી કે જેથી સ્વબળથી પ્રભુને પકડી શકે; કારણ કે આ પરમાત્મા પ્રવચનથી બુદ્ધિથી કે બહુ સાંભળવાથી લભ્ય નથી પણ તે પરમાત્મા જેને વરે છે–પસંદ કરે છે તેનાથીજ મેળવી શકાય છે; માટેજ પ્રભુ અનન્યના અધિપતિ છે. પ્રભુ પ્રાપ્તિ માટે કેવળ દીનતા જ મુખ્ય સાધન છે; જીવ તો માત્ર દીન થઇ આર્તિ રાખી પ્રભુ કૃપાની વાટ જોઇ ચાતકની માફક ભાવના કરે એટલુંજ.

સાંખ્ય લોક, યોગીઓ, જ્ઞાનીઓ વગેરે વગેરેની મુક્તિ આપણને ઇષ્ટ નથી, તેમનાં સાધન પણ ઇષ્ટ નથી. તેમનાં ફળ પણ ઇષ્ટ નથી. આપણ દૃષ્ટિબિંદુથી એ સર્વે અપૂર્ણ મતો છે. તો પછી જીવે કયાં સાધન કરવાં ? કોઇ પણ સાધનથી પ્રભુ લભ્ય નથી એવું શ્રુતિ કહે છે, તો પછી સાધનથી

શું ફલ? માટેજ આપણા શ્રીમહાપ્રભુજીએ દીનતાને મુખ્ય સાધન માન્યું છે. પ્રભુ અંતર્ધ્યાન થઇ ગયા ત્યારે વ્રજભક્તો પોતાથી બન્યું તેટલું રવડયા અને સર્વ સ્થલપર પ્રભુને શોધ્યા, પ્રભુના ગુણગાન કર્યા, છેવટે પ્રભુ કોઇપણ સાધનથી ન મલ્યા ત્યારે થાકીને શ્રી યમુનાજીના કિનારે બેઠા, અને મુક્ત કંઠે રૂદન કરવા લાગ્યા. તે રૂદન શ્રી ગોપી ગીત નામથી શ્રીમદ્ ભાગવતમાં પ્રસિદ્ધ છે. જ્યાં ભગવત વાર્તા વંચાય છે; ત્યાં પ્રથમ વલ્લભાખ્યાન બોલાયા પછી તે ગોપી ગીત બોલાય છે; કારણ કે શ્રીમદ્ ભાગવતનો એક પાઠ હંમેશાં વૈષ્ણવોએ કરવો જોઇએ, તે નહિ બની શકવાથી વૈષ્ણવો ગોપી ગીત ગાય છે, કારણકે આ પણ એક શ્રીમદ્ ભાગવતનો અધ્યાય છે. નિઃસાધન ગોપીજનોના રૂદનથી પ્રભુએ પ્રકટ થઈ દર્શન આપ્યાં અને થએલા વિરહને શાંત કર્યો.

સાધન સંપત્તિથી હરિ કોઇપર પ્રસન્ન થતા જ નથી, ભક્તોનું દૈન્યજ હરિને સંતોષ પમાડવાનું એક સાધન છે. દૈન્યથી સંતુષ્ટ થઈ સર્વ તરફથી સર્વ દુઃખોનો નાશ કરે છે. રસાત્મક નંદકુમાર કોઇપણ સાધનથી પ્રાપ્ય નથી એ વિષે બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક સુંદર પ્રસંગ છે. એક વખતે દિલ્હીના બાદશાહે શ્રી ગોસાંઇજીને વિનંતિ કરી કે કૃપાનાથ, પરમાત્મા શી રીતે મલે? તેના ઉત્તરમાં શ્રી

વિઠ્ઠલનાથજીએ કહ્યું કે જ્યારે પ્રભુ પોતે જેને મળવા ધારે ત્યારે જ જીવ પ્રભુને મળી શકે. લૌકિકમાં પણ સાધારણમાં સાધારણ મનુષ્ય રાજાને મળી શકતો નથી, પણ રાજા પોતે મલવા ધારે તો તેનો મેળાપ થાય છે.

સર્વ સાધનો મુક્તિના સ્વાર્થ માટે છે, પ્રભુના આનંદને માટે નથી. જેમ પ્રેમ અંતરંગ છે, તેમ પ્રેમમય સાધનો, દીનતા અને અનન્યત્વ પણ અંતરંગ છે; જેમ બાલક માતાને મલવા ઇચ્છતું હોય તો પણ પોતાના પગથી દોડીને મળી શકતું નથી પણ માત્ર રૂદન કરે છે, તેથી માતા દોડતી આવી રડતા બાલકને મલે છે, અને સુખ આપે છે; તેમ બાલક જેવા અનન્ય દીન ભક્તો ભગવદ્ દર્શનને માટે તલસે છે, અને ભગવાન નહિ મલવાથી રૂદન કરે છે, એટલે પ્રભુ તરત પ્રકટ થાય છે. જેમ અનન્ય સતી સ્ત્રીનો પતિ પોતાની સ્ત્રીના વિયોગથી ઝુરાઇ મરતી હશે, એવા વિચાર માત્રથી સર્વ ધંધો છોડી, નુકસાન વેઠી, બીજા નુકસાનની દરકાર નહિ કરતાં સ્ત્રીને આવી મલે છે, તેમ ભક્તોનો વિયોગ–ભક્તોનું વિરહ દુઃખ નહિ સહન થઇ શકવાથી પ્રભુ તરત પ્રકટ થાય છે, અને સંતુષ્ટ થઇ, ભક્તોની દીનતા, અનન્યત્વ જોઇ સર્વ દુઃખોનો નાશ કરે છે. દીન અનન્ય પશુઓને પ્રભુ હીહીહીહી કરી વનમાં બુમો પાડે છે અને બ્રહ્મા, ઇશ, ઇન્દ્ર વગેરે દેવતાઓ પાયે

લાગે છે તેમની સામે પણ ન જોતાં આડું જોઇ મુગા ઉભા રહે છે. માત્ર એકવારના સ્મરણથી હસ્તીને દર્શન દઇ પરમ ધામની પ્રાપ્તિ પ્રભુએ કરાવી, અને બ્રહ્માએ બહુ તપ કર્યું તો પણ એ પ્રભુને પ્રાપ્ત કરી શકયા નહિ. **એમજ હોય, એ સ્વાભાવિક છે,** બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર સર્વને પ્રભુએ અધિકાર આપ્યો છે, તે અધિકારીઓને પોતે દર્શન આપવાં કે નહિ તે પોતાની ઇચ્છાની વાત છે; પણ બિચારા ગરીબ ગૌ જેવા દીન ભગવદીઓને પ્રભુ પોતે બોલાવી દર્શન દઈ આનંદ ન આપે તો બીજું કોણ આપે? પોતાના પ્રેમપૂર્ણ, અનન્ય ભગવદીઓ જેવા કે વ્રજભકતોના મનોરથ પૂર્ણ કરવા માટે પ્રભુ પોતાનું ધામ છોડી ભૂતલપર પધાર્યા, સામાન્ય બાલકની માફક સ્તનપાન કર્યું, દુધ, દહીં અને નવનીત પોતાના ભગવદીઓ પાસે માગી માગીને અને ચોરી ચોરીને ખાધાં, પોતાના અનન્ય ભકતોની સાથે તેમની ઇચ્છાને આધીન થઇ સ્થલ જલની સર્વ લીલાઓ કરી, અને દુષ્ટ જનોની નિંદાની દરકાર પણ કરી નહિ.

વળી ગુજરાતના મહાન્ ભકત કવિશ્રી દયારામભાઈ પોતાના ધોળમાં ગાય છે કે **“ दीनता भाव अंतरनो स्नेह, प्रभु प्रसन्नतानुं कारण एह, निश्चय मानजो, नाहि संदेह तो देह दमो शा कारणे जी. ”** શ્રીમત્પ્રભુ ચરણ

ાાની વિજ્ઞપ્તિમાં કહે છે કે "દૈન્ય તારી કૃપાનો હેતુ તે તો મારામાં લેશ માત્ર પણ નથી, હે રાધેશ? એવી .કર કે જેથી મને દૈન્ય પ્રાપ્ત થાય. શ્રીહરિરાયજીએ ચાર દૈન્યાષ્ટક લખ્યાં છે. તે આ દૃષ્ટિથી વાંચવાથી ી સારી સમજ પડશે. પ્રભુના વિયોગથી થતું દુ:ખ તે ાવાનનો વિરહ, અને વિરહથી ઉદ્‌ભવતી દીનતા; માટે તા આ માર્ગમાં મુખ્ય છે. દીનતા સિવાય ભગવદીય ાતું જ નથી, પણ સંસારી જ રહેવાય છે, માટે પ્રભુકૃપા વવી હોય તો દીનતા અવશ્ય રાખવી દીનતા સિવાય ષ્ટિમાર્ગ સમજાતો નથી.

પાઠ ૭ (ભાગ પહેલો)

બ્રહ્મમય શ્રીકૃષ્ણ

દેવકીપુત્ર શ્રી કૃષ્ણને પરબ્રહ્મ કેમ મનાય? કદાચ ણુ યોગેશ્વર કહેવાય, પણ પરબ્રહ્મ તો નજ કહેવાય, યોગે- ર માનવામાં પણ વાંધો આવે, કારણ કે સ્ત્રીઓ સાથે ચરાત્રીએ રાસ રમે, તે પણ અનુચિત કહેવાય. સમજુ નુષ્યને તો આ બાબતમાં ગુંચવાડો લાગ્યા સિવાય રહેજ

નહિ. રા. રા. બંકિમચંદ્ર જેવા વિદ્વાનને પણ આવી શંકા થઇ તેથી તેમણે શુદ્ધ કૃષ્ણચરિત્ર લખ્યું. ડો. ભાંડારકર પણ કહે છે કે ભાગવતમાં ગોપીલીલા છેજ નહિ; વળી જે રાસલીલાને રા. રા. બંકિમચંદ્ર અને ડો. ભાંડારકર તુચ્છ વિષય માને છે. તેજ રાસલીલાને કૃષ્ણ ચૈતન્ય, રામાનુજ મધ્વ, વલ્લભ, જયદેવ, નરસિંહ મેહેતા, મીરાંબાઇ, દયારામ વગેરે ઘણા ઉત્તમ આચાર્યો અને ભક્તો સુંદર નિર્ગુણ ઉત્તમોત્તમ માને છે અને કામરૂપી હૃદ્રોગ જીતવાનું ઉત્તમ સાધન માને છે.

હવે દેવકીપુત્ર મનુષ્યને પરબ્રહ્મ કેમ કહેવાય? જો આપણને બરાબર સમજ પડે તોજ કૃષ્ણને પરબ્રહ્મ માની શકાય. મનુષ્ય દેશ, કાળ, શક્તિ વગેરેથી પરિછિન્ન છે, અને કૃષ્ણ પણ એમ પરિછિન્ન હોવાથી તેને પરબ્રહ્મ કેમ કહેવાય? આ શંકા પ્રાચીન તત્ત્વવેત્તાઓને સ્ફુરી હતી; તેનું સમાધાન શાસ્ત્રકારોએ ઘણી સુંદર રીતે સ્ફુટ કરેલું છે. આ સર્વ દૃશ્ય વસ્તુઓ તરફ અંગુલિ કરી વેદ કહે છે કે "આ સર્વ ખરેખર બ્રહ્મ છે." બ્રહ્મની વ્યાખ્યા આપતાં સમગ્ર બ્રહ્મ વિદ્યાનું સૂત્રાત્મક શાસ્ત્ર રચનાર શ્રીમદ્ વેદવ્યાસ સૂત્રથી બ્રહ્મ વિચારની પ્રતિજ્ઞા કરી કહે છે કે આ જગતના જન્મ, સ્થિતિ અને લય જેમાંથી થાય છે તે આ જગતનું સમવાયિ કારણ બ્રહ્મ છે, જેને આ સર્વનું ઉંડું

જ્ઞાન સંપાદન કરવું હોય તેણે અણુભાષ્ય અને શ્રીપુરૂષોત્તમજીનો પ્રકાશ વાંચવા; ઉપરના વાક્યોથી એમ સમજાય છે કે સચ્ચિદાનંદ બ્રહ્મ આ જગતનું કારણ છે. જે સર્વ વસ્તુઓ જડ પ્રતીત થાય છે તેમાં સત્ અવિર્ભૂત છે, અને ચિદાનંદ તિરોભૂત છે. જીવમાં સત્ અને ચિત્ અવિર્ભૂત છે, અને આનંદ તિરોભૂત છે. જ્યારે આ આનંદનો આવિર્ભાવ થાય ત્યારે જીવ કૃતાર્થ થાય.

બ્રહ્મમિમાંસાના ચાર અધ્યાય છે, તેના પ્રથમ અધ્યાયમાં બ્રહ્મના સ્વરૂપનો વિચાર છે. બીજા અધ્યાયમાં મતાંતરનો નિરાસ છે. ત્રીજામાં સાધનનો વિચાર કરેલો છે. ચોથામાં ફલનું નિરૂપણ છે. અહીં સંક્ષેપમાં કહેવાનું કારણ એટલું જ કે જેને શુદ્ધ બ્રહ્મજ્ઞાન જોઇતું હોય, જેને વિસ્તાર સહિત બ્રહ્મ સ્વરૂપ–કૃષ્ણ સ્વરૂપ સમજવું હોય તેને માટે શાસ્ત્ર વિદ્યમાન છે, અને પ્રકાશ સહિત અણુભાષ્ય વાંચવાથી સમગ્ર બ્રહ્મવિદ્યા સમજમાં આવશે.

બ્રહ્મ સત્ અથવા અસત્ કહેવાતું નથી અનાદિ છે. બ્રહ્મને સર્વત્ર હાથ અને પગ છે. બ્રહ્મને સર્વત્ર નેત્ર, શિર અને મુખ છે, સર્વત્ર કર્ણ છે. જગત્માં સર્વને વ્યાપીને રહ્યું છે. બ્રહ્મ સર્વ ઇંદ્રિયોના ગુણના પ્રકાશવાળું છે, છતાં સર્વ ઇંદ્રિય વિનાનું છે. બ્રહ્મ આસક્તિ રહિત છતાં સર્વનું પોષણ કર્તા છે. નિર્ગુણ છતાં સર્વ ગુણ ભોક્તા છે. બ્રહ્મ પ્રાણી-

યોની અંદર તેમજ બહાર છે. અચર છે, અને ચર પણ છે. સૂક્ષ્મ હોવાથી જાણી શકાય એવું નથી બ્રહ્મ દૂર છે અને પાસે પણ છે. બ્રહ્મ પ્રાણીયોનું પોષણ કરનાર, સંહાર કરનાર અને ઉત્પન્ન કરનાર છે, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બ્રહ્મને સર્વ વિરૂદ્ધ ધર્મોનો આશ્રય કહ્યું છે. જ્યારે જીવ બ્રહ્મરૂપ થાય ત્યારે જીવમાં પણ કોટી બ્રહ્માંડની પ્રતીતિ થાય. જીવ પણ વિરૂદ્ધ ધર્મોનો આશ્રય છે આ કેમ સમજ પડે? બ્રહ્મનું આવું સ્વરૂપ મન બરોબર સમજી શકતું નથી. દેશ, કાળ, અને શક્તિથી પરિછિન્ન મન આ બ્રહ્મનું સ્વરૂપ સમજી શકતું નથી. જેમાં માત્ર સત્ અભિવ્યકત છે, એવી જડ વસ્તુઓનું જ્ઞાન બહુ થોડું હોય છે, અને તે પોતાના આકારથી પરિછિન્ન હોય છે, જેમ જેમ ચિત્‌ની અભિવ્યક્તિ થતી જાય તેમ તેમ જ્ઞાન વધતું જાય અને પરિછિન્નતા ઘટતાં જાય છે; અને નાનું સરખું મન ચૌદ લોકને માપી શકે છે. જ્યારે આનંદ અભિવ્યકત થાય ત્યારે જ પરિછિન્નતા છતાં વ્યાપકતા અને વિરૂદ્ધ ધર્માશ્રયપણું આવી શકે છે. સત્ ચિત્ અને આનંદ રૂપ બ્રહ્મને જ વેદમાં **सत्यं ज्ञानं अनंतं ब्रह्म** કહ્યું છે એટલે આનંદ જ અનંત છે. એમાં કંઇપણ શંકા નથી. વેદમાં કહ્યું છે કે આનંદની અ-અભિવ્યક્તિ થયા સિવાય એટલે કે સર્વાત્મભાવ પ્રાપ્ત થયા વિના આ સમજ પડી શકે નહિ. જેમ સાકરનું માધુર્ય

અનુભવ વિના સમજાતું નથી તેમ આનંદનું ભૂમાપણું આ-નંદના અનુભવ વિના સમજાતું નથી.

પાઠ ૮ મો.

બ્રહ્મમય શ્રી કૃષ્ણ. (ભાગ બીજો)

આથી આપણે એટલું સમજ્યા કે સચ્ચિદાનંદ બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રયી છે. પરિછિન્ન છતાં વ્યાપક છે. આનંદનો સ્વભાવ જ એવો છે, આનંદ જ અનંત છે, ભૂમા છે, તો કૃષ્ણ સ્વરૂપ સમજવું ઘણું સરલ થઈ પડશે. વેદમાં કૃષ્ણને સચ્ચિદાનંદ કહ્યા છે. કૃષ્નો અર્થ સત–સત્તા છે "ણ" નો અર્થ આનંદ છે; એ બેનું સત્ ચિત્ અને આનંદનું ઐક્ય તેજ પરબ્રહ્મ કૃષ્ણ કહેવાય છે. મુખ્યત્વે કરીને વસ્તુમાત્ર કૃષ્ણમય છે; કેટલીક વસ્તુમાં સત આવિર્ભૂત છે. કેટલીકમાં સત ચિત પ્રાદુર્ભૂત છે, પણ એ સર્વ કૃષ્ણનો એક અંશ માત્ર છે. આમ છતાં પણ ધર્મ સંસ્થાપનાર્થે અથવા પોતાની ઇચ્છા થતાં કૃષ્ણ જે ઉપર કહ્યા પ્રમાણે વિરૂદ્ધ ધર્માશ્રયી છે, તે પરિછિન્ન સ્વરૂપ ધારણ કરે તો તેના મૂલ સચ્ચિદાનંદ સ્વરૂપની ચ્યુતિ થતી નથી; તેથી જ પોતે

અચ્યુત કહેવાય છે, એટલે પરિછિન્ન સ્વરૂપ ધારણ કર્યા છતાં પોતે અપરિછિન્ન અથવા સર્વવ્યાપક રહી શકે છે. જો આ વાત સમજ પડે તો સમગ્ર ગીતાને સંપૂર્ણ રીતે માન આપતા છતાં જે મનુષ્યો કૃષ્ણને પૂર્ણ પરબ્રહ્મ માનતાં અચકાય છે, તેઓ અચકાય નહિ, અને તેને મનુષ્ય સમજી અવગણના કરે નહિ. મનુષ્યતનું ધારણ કરવાથી કૃષ્ણને પ્રાણીઓના મહેશ્વર નહિ સમજનારને મૂઢ કહેલા છે. કૃષ્ણનું સર્વાંગ આનંદમય છે. કૃષ્ણ પોતાના દેહમાં સમગ્ર બ્રહ્માંડને એક ભાગમાં બતાવી શકે છે. માટે એ વિરૂદ્ધ ધર્માશ્રયી છે. એક દિવસે બલભદ્ર અને બીજા સખામંડલે માતૃચરણ શ્રીયશોદાજી પાસે આવીને કહ્યું કે કૃષ્ણે માટી ખાધી. બાલકનું હિત ઇચ્છનાર માતાએ કૃષ્ણના હાથ પકડયા. અને ભયભીત થએલા કૃષ્ણને ધમકાવીને કહ્યું કે અરે મુગ્ધ બાલક તેં છાનીમાની માટી કેમ ખાધી? આ તારા કુમાર મિત્રો કહે છે, માટે સાચુ બોલ? ત્યારે કૃષ્ણ કહે છે કે મેં માટી ખાધી નથી, એ બધા જુઠું બોલે છે; જો તને એમ લાગતું હોય કે એ સાચા અને હું જુઠો, તો જો મારૂં મુખ, એમ કહી કૃષ્ણે પોતાનું મુખારવિંદ ઉઘાડયું. શ્રી યશોદાજીએ સમગ્ર જગત નિહાળ્યું, પુત્રના નાના સરખા મુખમાં વ્રજસહિત પોતાને પણ જોઈ આશ્ચર્ય પામ્યાં. પોતાના બાલકને નજર લાગી હશે એમ

ધારી ઘેર લઇ ગયાં અને દૃષ્ટિદોષના નિવારણ માટે નજર બાંધી. ઉપરના દૃષ્ટાંતથી એમ સમજાયું કે કૃષ્ણ વિરૂદ્ધ ધર્માશ્રયી છે. વેદમાં આ પ્રમાણે વિરૂદ્ધ ધર્માશ્રયવાન્ બ્રહ્મ છે, એમ કહેલું છે. બ્રહ્મસૂત્ર, ગીતા, અને ભાગવતાદિમાં પણ વિસ્તારથી એજ વાત છે. જ્યાંસુધી બ્રહ્મ મીમાંસા વાંચી નથી, તેનું પઠન પાઠન કર્યું નથી, ત્યાંસુધી "પરિચ્છિન્નને બ્રહ્મ ન મનાય" એમ માની લઇ કૃષ્ણને મનુષ્ય કલ્પી સર્વ શાસ્ત્રોનો, વેદનો, બ્રહ્મ મીમાંસાનો અને ગીતાનો વિપ્લવ કરવો એ અશ્રદ્ધા કહેવાય.

જો આ પ્રમાણે પરિછિન્ન છતાં કૃષ્ણ અપરિછિન્ન નહોય તો પાંચ છ દિવસનું બાલક પૂતનાને કેમ મારી શકે? નાનું બાલક વત્સાસુર, બકાસુર, અઘાસુરને કેમ મારી શકે? કાલીય નાગને કેમ નાથી શકે? દાવાનલ પાન કેમ કરે? સાત વર્ષનું બાલક ગોવર્ધન ધારણ કેમ કરી શકે? આ સર્વ પ્રમાણો પરથી કૃષ્ણને મનુષ્ય માનતાં અચકાઇશું. કૃષ્ણ તો પરબ્રહ્મ અક્ષરાતીત છે. આ રસમય પ્રભુ અનાદિ કાલથી શું કર્યા કરે છે? અનુભવી ભકત ગોપાલદાસ કહે છે કે "नित्यलीला नित्यनौतन श्रुति न पामे पार" વેદ જેનો પાર પામી શકતા નથી, એવી નિત્ય લીલા કરે છે. આ જગત્‌ને પોતાના સ્વરૂપમાંથી બીજા કોઈપણ સાધનની અપેક્ષા વિના ઉત્પન્ન કરવું, પાલન કરવું, સંગ્રહ કરવો,

એ સર્વ આ રસરૂપ પ્રભુની લીલા માત્ર છે. ભકતો પ્રભુ ચરિત્રના ગુણ ગાનથી જે આનંદ અનુભવે છે તે આનંદ શુકાદિ બ્રહ્મજ્ઞાનીને પણ પ્રાપ્ત થયો નહોતો, તો બીજાને તો કયાંથીજ. કારણકે " **ब्रह्मज्ञानीने मुक्तिमार्गी स्वप्ने नहिं वहेवार.** "

સહસ્ત્ર વર્ષોથી જે આનંદમય પ્રભુમાંથી આપણે વિછર્યા છીએ તેનો સંબંધ થાય, પ્રભુની લીલાના ગુણગાનથી પ્રભુનું સ્મરણ થાય, અને સંસાર છુટી, મુકિત થઇ, પ્રભુમાં તન્મય થએલો જીવ સંયોગ અને વિપ્રયોગ રસનો અનુભવ કરી શકે. માટે શ્રી વલ્લભ પ્રભુ કહે છે કે "**भज नंदकुमारं सर्व सुखसारं तत्त्व विचारं ब्रह्म परम**" નંદ કુમાર જે સર્વ સુખનો સાર છે, અને સકલ તત્વના વિચારનો નિચોલ અર્થ રૂપ છે, અને જે પર બ્રહ્મ છે તેનું ભજન કર.

પાઠ ૯ મો.

પુષ્ટિપંથના સ્થાપક (કવિતા).

પુષ્ટિપંથ સ્થાપક પ્રભુએ વલ્લભ હમારા પ્યારા,
રામાનુજ મધ્વ જેવા, નિમ્બાર્ક વલ્લભ દેવા,
દૈવીના ઉદ્ધારક પ્રભુએ વલ્લભ હમારા પ્યારા

જુગલ ઠકુરાણી માટે, ચિંતા થઈ દેવી માટે,
આનંદના દાતા પ્રભુ એ વલ્લભ હમારા પ્યારા ૨
પ્રકટયા પ્રભુ શ્રાવણ માસે એકાદશીની અડધી રાતે,
નિકુંજના નાયક પ્રભુ એ વલ્લભ હમારા પ્યારા ૩
સૂતરનું પવિત્રું કીધું; કેસરથી રંગી દીધું,
પ્રભુની ગ્રીવામાં દીધું વલ્લભ હમારા પ્યારા ૪
ગોવર્ધન નાથ દેવ, સાત નિધિ વલ્લભ સેવ,
વસ્તુતઃ કૃષ્ણ એવ વલ્લભ હમારા પ્યારા. ૫
પરંપરા ભલે બીજા માને, પંથ પ્રકટયો આજ્ઞા પ્રમાણે,
સેવા રસ રીત પ્રમાણે વલ્લભ હમારા પ્યારા ૬
સૌ કોઈ સર્વ વ્યાપક માને, ગોપીજનોના એક ઠેકાણે
ગોપીજન વલ્લભ વેદ વખાણે વલ્લભ હમારા પ્યારા ૭
પુરૂષોત્તમદાસ કહે છે, પ્રભુને જે શરણે રહે છે,
નિત્ય લીલાનો આનંદ લે છે વલ્લભ હમારા પ્યારા ૮

પાઠ ૧૦ મો

भगवत्प्रकृति वर्णनम्

श्रीयशोदोत्संगलालितः कुमारवयाः श्रीकृष्ण एतादृशो रसरूप इति ज्ञात्वा सेवा कर्तव्या। सेवा तु स्वामिनो यत्समये यदपेक्षन्ते तदेव समर्पणीयम्। यथेच्छा तथा

क्रियते तदा सिद्धिर्भवेत्। एतज्ज्ञानं जीवानां स्वतो दुर्लभतरं तथापि श्रीमदाचार्यप्रकटितसेवारीतिमवलोक्य मनसि भगवत्प्रीतिर्भावनीया।

तत्र प्रथमं प्रभुर्दयापूर्णः। सर्वथा भक्तदुःखं ज्ञायते। अत्यन्तनिकटगम्यः। लीलातिरिक्तं किमपि न ज्ञायते। स्वजनमात्रेषु परिचितः। अन्यत्किमपि न ज्ञायते। क्षणेपि सन्तोषं प्राप्नोति। क्रोधः स्थिरीभूतो न भवति। सम्बन्धिवाक्यं परिपालयति। परमोदारोस्ति। किमपि दातुं न विचारयति। तस्य सर्वत्रोत्तमत्त्वम्। स्वजन पक्षपातपूर्णः। लीलाम्बुनिमग्नः। शोकग्रस्तहृदयतो दूरीगच्छति। "शोकग्रस्तं जनं दृष्ट्वा कृष्णो गच्छति सत्वर" मितिवचनात्। व्रजजनेषु सदा निरुद्धः। यथा बालः केनापि परिचितो न भवति तद्विना भक्षणं न क्रियते रुदनं कुरुते तथा भक्तिमार्गीयैः स्वजनैः परिचितोस्ति। अन्यत्किमपि न ज्ञायते। अंगीकृत जीवानां धर्मार्थ कामानां विघातं कृत्वा स्वस्वरुपदानं दत्वा स्वस्मिन प्रीतिमुत्पादयति।

यथा बालकः स्नेहं दृष्ट्वा उत्संगे समायाति हास्यं करोति क्रीडति एवं कृष्णोपि विज्ञेयः॥

શ્રીયશોદાજીના ખોળામાં લાલન કરાયલા, કુમારવય વાળા, એવા શ્રીકૃષ્ણ રસરૂપ છે, એમ જાણીને સેવા કરવી. સ્વામી જે સમયે જેની અપેક્ષા કરે તે જ સમર્પવું. જે પ્રકારે શ્રીકૃષ્ણની ઇચ્છા તે જ પ્રકારે વર્તાય તો જ સિદ્ધિ થાય; આ જ્ઞાન જીવને સ્વતઃ થવું ઘણું અશક્ય છે, તથાપિ શ્રીમદાચાર્ય પ્રકટિત સેવારીતિનું નિરીક્ષણ કરીને મનમાં ભગવત્પ્રીતિની ભાવના કરવી.

પ્રભુ દયાપૂર્ણ છે. સર્વથા ભક્તના દુઃખને જાણે છે. અત્યંત નિકટગમ્ય છે. લીલા સિવાય બીજું કંઈ પણ જાણતા નથી. વ્રજજન માત્રમાં જ પરિચિત છે. અન્ય કાંઈ પણ જાણતા નથી. ક્ષણ માત્રમાં જ સંતુષ્ટ થાય છે. ક્રોધ સ્થિર થતો જ નથી. સંબંધીના વાક્યનું પરિપાલન કરે છે. પરમ ઉદાર છે. કાંઈ પણ દાન કરવામાં વિચાર કરતા નથી. સર્વત્ર તેમનું ઉત્તમપણું છે. સ્વજન પ્રતિ પક્ષપાતપૂર્ણ છે. લીલામાં નિમગ્ન છે. શોકગ્રસ્ત હૃદયથી દૂર રહે છે. કારણ કે શોકગ્રસ્ત જનને જોઈને શ્રીકૃષ્ણ દૂર જ જાય છે ઈત્યાદિ વચન છે. શ્રીવ્રજજનમાં સદા નિરૂદ્ધ છે. જેમ બાલક જેનાથી પરિચિત હોય એના વિના ભક્ષણ કરતો નથી, રૂદન કરે છે, તેમ શ્રીકૃષ્ણ ભક્તિમાર્ગીય સ્વજનોથી પરિચિત છે, અન્ય કાંઈ જાણતા નથી;

અંગીકૃત જીવોના ધર્મ, અર્થ અને કામ દૂર કરી સ્વરૂપ-દાન કરીને સ્વસ્વરૂપમાં પ્રીતિ ઉત્પન્ન કરે છે.

જેમ બાલક સ્નેહ જોઈને ઉત્સંગમાં આવે છે, હાસ્ય કરે છે, ક્રીડા કરે છે, આ પ્રકારે કૃષ્ણપ્રકૃતિ જાણવી.

પાઠ ૧૧ મો

તુલસી સમર્પણ

तदहं भक्त्युपहृतम् । એ ગીતા વાક્યથી કેવળ સ્વ સંબંધવાળી વસ્તુઓનો પ્રભુ અંગીકાર કરતા નથી. આમ હોવાથી સર્વ વસ્તુઓને વિષે પાછળથી પણ પોતાના ઉપયોગમાં લેવાનું મનમાં રહે એટલે કે પ્રભુને ધર્યા પછી મારા ઉપયોગમાં લઈશ એટલું પણ મનમાં થાય તો તેટલે અંશે અન્ય સંબંધ થવાના સંબંધને લીધે પ્રભુને તે વસ્તુનો સાક્ષાત અંગીકાર કરતા નથી.

શ્રીતુલસીજી સર્વથા મન, વાણી અને શરીર વડે અન્ય સંબંધ રહિત કેવળ ભગવત્સંબંધવાળી તથા અન્યને અનુપયોગી છે, તેથી તેનો જ પ્રભુ સાક્ષાત અંગીકાર કરે છે; અને શ્રીતુલસીજીના સંબંધથી જ અન્ય વસ્તુઓ

પણ તુલસીજીના સમાન ધર્મવાળી થવાથી પ્રભુ તેનો અં-ગીકાર કરે છે; પણ સાક્ષાત અંગીકાર કરતા નથી. એટલા માટે જ પ્રભુને ભોગ ધરતી વેળા પ્રથમથી જ સર્વ વસ્તુમાં શ્રીતુલસીજી પધરાવવામાં આવે છે, અને તેમ કરવાથી સર્વ વસ્તુઓ અન્ય સંબંધ રહિત થાય છે.

તેથી જ બ્રહ્મસંબંધમાં પણ શ્રીતુલસીજી દ્વારા જ સર્વ સમર્પણ કરાવવામાં આવે છે, કેમકે જેઓ કેવલ પ્રભુના જ છે, તથા પ્રભુ સિવાય અન્ય તરફ જેની બીલકુલ દૃષ્ટિ પણ જતી નથી, તેવાનો જ પ્રભુ અંગીકાર કરે છે. તેવાને જ પ્રભુ પોતાના કરે છે. એટલા માટે જ શ્રીગોપીજનોએ પ્રભુને કહ્યું છે કે હે કમલનયન પ્રભુ, જ્યારથી અમોએ આપના ચરણકમલનો સ્પર્શ કર્યો છે, ત્યારથી આપ સિવાય અન્યની સમક્ષ અમે ઉભા રહેવા પણ શક્તિમાન નથી. આમ હોવાથી ચરણાત્મક મર્યાદા ભક્તિમાં શ્રી તુલસીજી દ્વારા જ પ્રભુ સર્વ સ્વીકારે છે. બીજી એટલે મુખારવિંદ રૂપ પુષ્ટિભક્તિમાં વિપ્રયોગાત્મક અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રભુ સર્વ સ્વીકારે છે. એ સંક્ષેપમાં સિદ્ધાંત છે.

પુષ્ટિ ભકતે તુલસીજી સમર્પવાં કે કેમ? આપણો માર્ગ પુષ્ટિ મર્યાદા રૂપ છે, અર્થાત મર્યાદા સહિત પુષ્ટિ છે. કેમકે "**अंगीकृतौ समर्यादः**" આપણો અંગી-

કાર મર્યાદા સહિત કરેલો છે; તેમાં આ વિરહાત્મક માર્ગ છે એમ વિચારવું તે પુષ્ટિનો અંશ છે, અને ભક્તિમાર્ગની વિધિ તે મર્યાદાનો અંશ છે. એ રીતે આ માર્ગ ઉભય રૂપ હોવાથી પ્રભુની સેવામાં ઉભયે એટલે બન્ને કરવું, અર્થાત ભક્તિમાર્ગની રીતિ પણ અનુસરવાની હોવાથી તુલસીજી પણ સમર્પવાં:—

"નિજાચાર્ય કૃપાબલ થકી, કહી મુજ ઉક્તિ ઉર ધારી,"
"તુલસી આદિ સમર્પણ કરતાં, સંકટ કરો ન તલ ભારી."

પાઠ ૧૨ મો

તિલક વિષે (કવિતા)

ઉર્ધ્વપુંડ્રને કરજો, તિલક ઉર્ધ્વપુંડ્રને કરજો
વેણું પત્રસમ બન્ને બાહુએ, ચોસઠ મુદ્રા ધરજો. તિલક. ૧.
ઉર પરે પદ્માકૃતિ તિલક, ચરણામૃત લેજો,
તુલસી કાષ્ટની માલા ગ્રહીને, સેવા પ્રીતે કરજો. તિલક. ૨
સ્વધર્મનું આચરણ તમે સૌ યથાશક્તિ આચરજો,
સદા સર્વદા ગોકુલેશની, સેવા પ્રીતે કરજો. તિલક. ૩.

પાઠ ૧૩ મો

કર્મ, જ્ઞાન અને ભક્તિનું સરવાયું (ભાગ ૧ લો)

કર્મ માર્ગ પ્રવર્તકાચાર્યવર્ય શ્રીવલ્લભ પ્રભુ નિજ શાસ્ત્રાર્થ પ્રકરણમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે નિષ્કામ વૃત્તિથી કર્મ કરે અને ચિત્ત પ્રસન્ન થાય ત્યારે તેનું કર્મ ફલિભૂત થયું કહેવાય; તેને જ કર્મનિષ્ઠ કહેવાય. આધુનિક સમયમાં યજ્ઞ, યાગ, દાન, હોમ, જપ, તપ વગેરે સકામ વૃત્તિથી કરે છે તેથી તેમને તે કાર્ય ફલિભૂત થતું નથી. દેશ, કાલ, કર્તા, મંત્ર અને દ્રવ્ય વગેરે વસ્તુ શુદ્ધ નહિ હોવાથી દરેક કર્મ નિષ્ફળ નિવડે છે. કર્મ કરનાર અને કર્મ કરાવનાર શુદ્ધ અંતઃકરણવાળો હોવો જોઇએ; આજકાલ ચાલુ જમાનામાં તો અધર્મથી કમાવું અને અહંકારથી ખર્ચવું, આવી સ્થિતિ હોવાથી, અને શ્રી કૃષ્ણાશ્રય ગ્રંથમાં વર્ણવ્યા મુજબ પાખંડનો પ્રચાર, આધિ દૈવિકપણું નાશ, સારા પુરૂષોની બુદ્ધિમાં બિગાડ વગેરે થવાથી કર્મ માર્ગ કરતાં ભક્તિ માર્ગ જ શ્રેષ્ઠ છે. શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગમાં કારતક સુદી એકમને દિવસે જે અન્નકોટ થાય છે તે એક પ્રકારનો મહાન્ યજ્ઞ છે. તે યજ્ઞના કર્તા પ્રભુ શ્રીગોવર્ધનધરણ છે અને ભોકતા પણ પોતે

છે. અદ્યાપી પર્યંત શ્રી વલ્લભકુળ તે અન્નકોટ ઉત્સવ પ્રતિ વર્ષ કરે છે. તે યજ્ઞના અધિષ્ઠાતૃદેવ શ્રીગોવર્ધનધરણ છે. શ્રીવલ્લભકુળે સમર્પેલી સઘળી સામગ્રી પ્રભુ આરોગે છે, તેથી સમર્પનારનું ચિત્ત પ્રસન્ન થાય છે. ખરૂં કર્મનિષ્ઠ પણું તો શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગમાં જ સમાયલું છે.

જ્યારે જીવમાં સર્વજ્ઞપણું આવે, એટલે કે ત્રણે કાલનું જ્ઞાન થાય, આકાશથી તે પાતાલ પર્યંત શું શું થાય છે તે ઘેર બેઠાં જાણે ત્યારે તેને જ્ઞાનનિષ્ઠ-જાણવો. આવા સમયમાં ઉપર પ્રમાણે થવું મુશ્કેલ છે; માટે કહું છું કે "**कृष्ण त्यजी भजो अन्यने एमां तमारी भूल छे**" જ્ઞાન માર્ગમાં પ્રવેશ કરતાં ઘણાં કષ્ટ સહન કરવાં પડે છે. ભલભલા શ્રીશુકદેવજીને પણ તેમના પિતા શ્રીમદ્ વેદવ્યાસે જનક વિદેહીને ત્યાં જ્ઞાનોપદેશ ગ્રહણ કરવા મોકલ્યા હતા. જ્યારે શ્રીશુકદેવજીનો પ્રસવ થયો કે તરત જ સોળ વર્ષની ઉંમર ધરી ત્યાંથી ચાલી નિકળ્યા, તેમની પાછળ તેમના પિતા ગયા. શ્રીશુકદેવજી પિતાની દૃષ્ટિથી અદૃશ્ય થયા એટલે શ્રીમદ્ વેદવ્યાસ રૂદન કરવા લાગ્યા, તે સમયે મૂલ શ્રીશુકદેવજીએ વૃક્ષની અંદર પ્રવેશ કરીને કહ્યું કે તમે શાંત થાઓ, હું બીજા રૂપે તમારી સાથે આવું છું, પછી તે શ્રીશુકદેવજી ઘેર ગયા, પિતાની આજ્ઞાથી તે છાયા શુકદેવજી જનક વિદેહી પાસે જ્ઞાન લેવા

ગયા. રાજા પોતાના રાજ્ય કારભારમાં રચ્યો પચ્યો હોવાથી તેમની સાથે વાત પણ કરી શકયો નહિ; એટલામાં છાયા શુકદેવજી નિદ્રાવશ થઈ ગયા અને સ્વપ્ન આવ્યું કે હું તો પરણેલો છું, ત્રણ છોકરાં છે, આવી રીતે સંસારચક્રમાં ગુંથાયા, એટલામાં એકાએક આગ લાગી, છાયા શુકે વિચાર્યું કે હવે શું કરવું ? એક છોકરાને તો ખાંધે બેસાડયો, બીજાને કટી ઉપર અને ત્રીજાને માટે શું કરવું ? આવી રીતે તેમની વિચારમાલાનો મણકો અટકયો, એટલે રાજ્યાસને બેઠેલો રાજા બોલી ઉઠયો કે શુકદેવજી, ત્રીજાને પડતો મૂકો ! એવો અવાજ શ્રવણે પડવાથી એકદમ ચમકી ઉઠયા અને સ્તબ્ધ થઇ ગયા અને મન સાથે કહેવા લગ્યા કે ખરેખર, મારા પિતાએ જે કાર્ય માટે મને મોકલ્યો છે તે યથાર્થ છે.

જનક વિદેહીએ તેમને આવવાનું કારણ પૂછયું, ત્યારે શ્રીશુકદેવજીએ કહ્યું કે મારા પિતાએ આપની પાસે જ્ઞાનોપદેશ લેવા માટે મોકલ્યો છે. તે રાજાએ એક તેલનો કટોરો છલોછલ ભરીને તેમના હાથમાં આપ્યો અને સૂચના આપી કે આ કટોરો લઈ શહેરની ચોતરફ ફરી મારી પાસે આવો, અને જો તેલનું એકપણ ટપકું જમીન ઉપર પડશે તો મારા પહેરેગીરો તમારૂં મસ્તક છેદી નાખશે. તે કાર્ય પહેલાં રાજાએ પોતાના માણસોને હુકમ કર્યો કે ગામની

આજુબાજુએ મનોહર વસ્તુઓ સજાવો, રાજાના હુકમને માન આપી શહેરની ચોતરફ રંગરાગ, ગાનતાન, અપ્સરાઓ, રમ્મત ગમ્મત વગેરે નાના પ્રકારની તમામ વસ્તુઓની ગોઠવણ કરી દીધી. શ્રીશુકદેવજી હાથમાં તેલનો કટોરો લઈ શહેરની પ્રદક્ષિણા કરવા નિકળ્યા, પણ એમની દૃષ્ટિ ફક્ત તેલના પાત્ર ઉપર જ હતી. તેમને કોઈપણ કાર્ય તરફ લક્ષ રાખ્યું નહિ કારણ કે જો એક ટપકું નીચે પડશે તો શિરચ્છેદ થશે એવી મનમાં ધાસ્તી હતી. શહેરની પરિક્રમા પૂર્ણ થઇ એટલે રાજાની નિકટ આવીને તે કટોરો હતો એવી સ્થિતિમાં મૂકયો. તપાસ કરતાં બિલકુલ તેલ ઢોળાયું નથી એમ રાજાને માલમ પડયું. રાજાએ પૂછયું કે તમે શું શું જોયું? જવાબમાં ફક્ત એટલું જ મળ્યું કે મેં તો તેલ જોયું; પછીથી રાજાએ કહ્યું કે જેવી બીક તમને હતી તેવી બીક રાખીને અમે રાજ્ય કારભાર કરીએ છીએ. પછી શ્રીશુકદેવજી ત્યાંથી તપશ્ચર્યા કરવા એકાંત સ્થળે ગયા, અને આત્મજ્ઞાનમાં મસ્ત થયા.

શ્રીપરાશરના પુત્રને ચિંતા ઉદ્‌ભવી કે આ રસમય કલાત્મક શ્રીમદ્‌ભાગવતનું ગુણગાન કોણ કરશે? વિચારગ્રસ્ત વ્યાસને જોઈ નારદજી કહે છે કે તમો ફીકર કરશો મા, હું તમારા પુત્રને બોલાવી લાવું, અને તમારૂં ધારેલું કાર્ય પાર પાડું. આવી રીતે બીડું ઝડપી તે નારદજી

શ્રી વેણુગીતના પ્રથમ શ્લોકનું સ્મરણ કરતા કરતા શ્રી શુકદેવજીના રહેઠાણુ આગળ આવતા હતા; શ્લોકના શબ્દો વીણાના મધુર ધ્વનિ સહિત કર્ણ રંધ્રે પડવાથી શુકદેવજી ચમકયા અને નારદજીની સમિપ આવી પગે પડયા. અને વિનતિ કરી કે કૃપા કરીને મને ઉપદેશો. ત્યારે નારદજી કહે છે કે મારી પાસે ફકત એક જ શ્લોક છે પણ આવા આવા અરાડ હજાર શ્લોક તારા પિતા પાસે છે માટે ત્યાં જઈ તેનું અધ્યયન કર. આવી આજ્ઞા થતાં તેઓ પોતાનું કાર્ય પડતુ મૂકી સત્વર પિતા પાસે જઈ ભાગવતનું શ્રવણ કરી ભગવદ્ રસમાં મગ્ન થયા; જ્યાં સુધી તેઓ આત્મનિષ્ઠ હતા ત્યાંસુધી ભગવત્પ્રાપ્તિ થઈ નહોતી. તે શ્રીમદ્ ભાગવતના ગુણગાનથી થઈ. માટે જ્ઞાન કરતાં ભગવદ્ગુણજ્ઞાન શ્રેષ્ઠ છે અને તેનાથી જ સુખની પ્રાપ્તિ છે.

પાઠ ૧૪ મો

કર્મ, જ્ઞાન અને ભક્તિનું સરવાયું (ભાગ બીજો)

હવે શુદ્ધ ભકિતમાર્ગમાં કે જેમાં કેવળ સ્નેહ જ નિયામક છે, તેમાં કૃષ્ણ જે પ્રકારે પ્રસન્ન થાય છે એટલે ભગવત્સાક્ષાત્કાર થાય તેને ભકિતનિષ્ટ જાણવો. કર્મ અને

જ્ઞાન કરતાં ભકિત ઉત્તમ છે, કારણુ કે એ ત્રણેનો સમાવેશ ભકિતમાં સમ્યક પ્રકારે થાય છે. ભકત શિરોમણિ ખેરાળુના વતની જગન્નાથ જોષીના સમાગમથી અલીણાના રહીશ મહીધરજી વૈષ્ણવ થયાને થોડો સમય થયો હતો. એટલામ ભગવદ્દઇચ્છાથી એકાએક મહીધરજીની પડોશમાં આગ લાગી. જગન્નાથ જોશીને ખેરાળુના તળાવમાંથી સ્નાન કરીને આવતાં રસ્તામાં ખબર પડી કે અલીણામાં મહીધરજીની પડોશમાં ભયંકર આગ લાગી છે, અને તે હમણાં જ વૈષ્ણવ થયા છે, જો તેમને નુકશાન થશે તો જરૂર લોક આક્ષેપ મૂકશે કે વૈષ્ણવ થયા એટલે ઘર બળી ગયું. જગન્નાથ જોશીએ તત્કાળ રસ્તામાં ખમચીને તુલસીપત્ર મૂકી આગળ પાછળ જળની ધારા કરી, પ્રભુનું નામ સ્મરણ કરી પોતાને સ્થળે ગયા. ભકત મનોરથને પૂર્ણ કરનાર, ભક્તની લાજને રાખનાર પ્રભુએ તે વૈષ્ણવનું ઘર બચાવ્યું. કહેવાનો ભાવાર્થ એટલો જ કે ભક્ત સર્વ કરવાને સમર્થ છે.

ગંગાસાગર નામના સ્થળ ઉપર એક દિવસે શ્રીવલ્લભ પ્રભુ શયન કરી રહ્યા હતા; પાસે કૃષ્ણદાસ બેઠા હતા. શ્રી મહાપ્રભુજીના મનમાં વિચાર ઉદ્ભવ્યો કે આ વખતે મુરમુરા હોય તો ઠીક પડે. કૃષ્ણદાસે તેમના હૃદયની વાત જાણીને નદી ઓળંગી સામે કિનારે જઇ, ખેતરમાંથી લીલી ડાંગર કપાવી તેને શેકાવી મુરમુરા કરી લાવ્યા અને નદી ઓળંગી

શ્રીમહાપ્રભુજીની પાસે આવી બેઠા, એટલામાં તેઓશ્રી જાગ્યા કે તરતજ તે મુરમુરા અર્પણ કર્યા કે જેથી તેઓશ્રી અત્યંત પ્રસન્ન થયા.

કનોજના વતની પદ્મનાભદાસને ત્યાં રામદાસે પોતાના સેવનીય શ્રીઠાકોરજી પધરાવી પોતે શ્રીનાથદ્વારામાં ગયા. થોડા દિવસ વિત્યાબાદ કનોજમાં હાકેમનો ઉપદ્રવ થયો અને રામદાસના ઠાકોરજીને તે હાકેમ ઉપાડી ગયો, આથી પદ્મનાભદાસને ઘણું કષ્ટ સહન કરવું પડયું અને જ્યાં હાકેમ જાય ત્યાં તેની પાછળ પાછળ ભૂખે ને તરસે ફરવા માંડયું; સાત સાત દિવસના કડાકા થયા. હાકેમની બેગમને ખબર પડી કે આ કોઇ સંત છે. જો હાકેમ તેને દેવ પાછા નહિ આપે તો બ્રહ્મહત્યા લાગશે અને ખેદાન મેદાન થઇ જશે. બેગમે હાકેમને સમજાવી તેના દેવ પાછા અપાવ્યા; પછીથી પદ્મનાભદાસે ઘેર જઈ પ્રભુને શુદ્ધ રીતે સ્નાન કરાવી ભોગ ધરીને પોતે પ્રસાદ લીધો. શ્રીનાથદ્વાર બેઠાં રામદાસે જાણ્યું કે મારા સેવનીય ઠાકોરજી હાકેમ ઉપાડી ગયો છે. આવી ખબર પડતાં પોતે પણ અન્નજળનો ત્યાગ કર્યો હતો. કેટલાક સમય પછી તેઓ બન્ને એકઠા થયા ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે મારા ઠાકોરજી ઉપાડી ગયો તેમાં તમે કેમ ભૂખ્યા રહ્યા? ત્યારે રામદાસે કહ્યું કે મેં તે શ્રીઠાકોરજીની સેવા કરી છે. તો મારો એટલો પણ સંબંધ નહિ

કે પ્રભુને પરિશ્રમ પડે અને હું પ્રસાદ લઉં?

ઉપરના ત્રણ દૃષ્ટાંતથી આપણે એટલું સમજ્યા કે ભક્તમાં ચિત્તની પ્રસન્નતા, સર્વજ્ઞપણું અને ભવગત્સાક્ષાત્કાર આ ત્રણેનો સમાવેશ થઈ જાય છે. માટે કર્મ અને જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે.

શ્રી વલ્લભાધીશે પુષ્ટિક્ષેત્ર, કર્મમાર્ગની વાડ રાખીને બાંધ્યું છે. વૈદિક કર્મનો ત્યાગ કરી એકદમ પુષ્ટિમાં પ્રવેશ કરે છે તે અર્ધદગ્ધ થાય છે; અને દુનિયામાં નિંદાને પાત્ર બને છે; વેદની મર્યાદા જાળવી નિષ્કામ વૃત્તિથી અને આસક્તિ રહીત કર્મો કરવાં. જ્યાંસુધી લૌકિક કાર્યોનો ત્યાગ કર્યો નથી ત્યાંસુધી વૈદિક કાર્યોનો ત્યાગ કરવો ઉચિત નથી. એકદમ વૈદિક કર્મનો ત્યાગ કરે તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થાય એટલે તેની દશા ત્રિશંકુના જેવી થાય, કહેવત છે કે ધોબીનો કુતરો નહિ વાટનો કે ઘાટનો; માટે કર્મ પરાયણ રહી ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવો. કર્મમાર્ગને પ્રવર્તાવનાર શ્રીવલ્લભ પ્રભુએ સર્વ નિર્ણયમાં સારી રીતે કર્મનું નિરૂપણ કરેલું છે. પુષ્ટિસ્થ જીવો ઉપર આક્ષેપો થાય છે તેનું કારણ ફકત એટલું જ કે વૈદિક કર્મો કરતા નથી; ભગવત્કાર્ય પણ કરતા નથી, અને ઉદર પોષણ વાસ્તે સવારથી સાંજ સુધી મહેનત કર્યા કરે છે. લૌકિક કાર્યોમાં રચ્યાપચ્યા રહે છે. પ્રાત:કાલે સ્નાન કરી તિલક કરી બને

તો મંગલાનાં દર્શન કરી, ધંધે લાગવું અને સાંજે ઘેર જઈ વાળું કરી સુઇ જવું અને આજકાલ ઘણુાખરા આ પ્રમાણે પોતાનું નિત્યકર્મ સમજે છે, એટલે પ્રભુ શીરીતે પ્રસન્ન થાય ? ઘણે ખરે ભાગે તો વ્યસનના જડબામાં ફસાએલા એટલે કે સવારમાં ચા પાન કરે તોજ આંખો ઉઘડે, પછી ધર્મશાસ્ત્રને બદલે ચોપાનીયાં વાંચે, આવી રીતે આ સંસારચક્ર ચાલી રહ્યું છે. આવા સમયમાં તો શરણમાર્ગ જ શ્રેષ્ઠ છે, પૃથક શરણમાર્ગના ઉપદેષ્ટા શ્રીવલ્લભ પ્રભુ છે. તેમને શરણે જવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

ઉત્તમ પુષ્ટિ ભક્તિ માર્ગમાં શ્રીવલ્લભપ્રભુએ શાસ્ત્રાર્થ પ્રકરણથી કર્મ માર્ગ પ્રદર્શિત કર્યો છે. અણુ-ભાષ્યમાં જ્ઞાનનો સમાવેશ કરેલો છે; અને ભક્તિનો સમા-વેશ શ્રી સુબોધિનીજીમાં કરેલો છે.

પાઠ ૧૫ મો નિરોધ વિષે

પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ એટલે નિરોધ. ભગવાન્ અવતાર દશામાં ભક્તને દર્શન થાય એવા ગુણ લીલાઓ વડે પ્રપંચની વિસ્મૃતિ કરાવી પોતામાં આસક્તિ કરાવી નિરોધ ધીમે ધીમે ક્રમવાર કરાવે છે, અને જીવોનો

ઉદ્ધાર કરે છે; તેમ હાલ અનવતાર દશામાં જ્યારે પોતે ભૂતલપર બિરાજતા નથી ત્યારે પણ શ્રવણ કીર્તન વગેરેથી અનુભવમાં આવે એવી ગુણ લીલાઓ વડે જ ધીમે ધીમે ક્રમવાર નિરોધ પ્રાપ્ત કરાવે છે, અને જીવોનો ઉદ્ધાર કરે છે. જે ભક્ત ઘરમાં રહી પ્રભુનું ભજન કરતો હોય તેણે પોતે જે સેવા કરે છે તે આધિદૈવિ પર્યંત પહોંચે તે માટે શ્રવણ, કીર્તન અને ધ્યાન નિરંતર કરવાં.

પ્રપંચની કાંઈક વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે, અને પછી વ્યસન થાય છે; ત્યારે ભગવાનના ગુણ અને લીલાનું પ્રાધાન્ય છુટી જઈ ભગવાનના સ્વરૂપમાં આસક્તિ થાય છે. ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ નહિ હોવાથી દીનતા થાય છે, ભગવાનનો પ્રાદુર્ભાવ તો જન્મપ્રકરણમાં કહ્યા પ્રમાણે ભક્તના દુઃખથી જ થાય છે. એવું જ્ઞાન હોવાથી એવા દુઃખની ઇચ્છા ઉત્પન્ન થાય છે. એવું દુઃખ અતિશય થાય તે જ ભક્તિની વૃદ્ધિરૂપ છે; કેમ કે તે સ્થિતિમાં પ્રપંચની વિસ્મૃતિ, અને ભગવાનમાં આસક્તિ અધિક થાય છે, તેથી ઉપર કહેલાં દુઃખની ઇચ્છા અને તેની ભાવના એ આવા નિરોધનું કાર્ય લક્ષણ સમજવું. નિરોધનું સ્વરૂપ સમજાવે તે સ્વરૂપલક્ષણ અને નિરોધમાં થતા અનુભવો તથા પરિણામોનું વર્ણન જેમાં હોય તે નિરોધનું કાર્યલક્ષણ કહેવાય.

મોટાઓની કૃપાવડે જે કીર્તન થાય તે સુખ આપનાર છે. અને લૌકિક પુરૂષોનું કીર્તન દુઃખરૂપ છે; જેમ કે જે પુરૂષે ઘીવાળું ભોજન કરેલું છે તેને લુખુ ભોજન સુખ આપતું નથી, માટે સર્વમાં ઉત્તમ પ્રભુનું ગુણગાન છે. જેવું સુખ ગુણગાનથી ગોપીજનોને પ્રાપ્ત થયું તેવું જ્યાં સુધી શુકદેવજી આત્મનિષ્ઠ હતા ત્યાંસુધી થયું નથી. પ્રભુ પોતાના જનને પોતાની પ્રાપ્તિને માટે ક્લેશ પામતા જોઈ કૃપાવંત થાય છે, અને સદાનંદ પ્રભુ હૃદયમાંથી બહાર પધારીને દર્શન આપે છે; પણ સદાનંદ કરતાં કૃપાનંદ દુર્લભ છે. હૃદયમાં રહેલા પ્રભુ પોતાના ગુણો ગવાતાં શ્રવણ કરીને કૃપાથી પૂર્ણ થઇને નિજ ભકતજનોને રસથી પૂર્ણ કરે છે.

ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે. દૃષ્ટાંત તરીકે ગોપીજનોને થયું તેમ. નિઃસાધન જનોદ્ધારક શ્રીવલ્લભપ્રભુનો કરેલો નિરોધલક્ષણગ્રંથ તથા તેના ઉપર ગોસ્વામી બાલકોની ટીકા છપાઇને બહાર પડી છે. વિશેષ જીજ્ઞાસુએ તે વાંચવા બનતી કોશીશ કરવી લેખવાળા શ્રી પુરૂષોતમજીમહારાજ કૃત ટીકાનું ભાષાંતર તે પુસ્તકમાં આપેલું છે.

પાઠ ૧૬ મો

મનુષ્ય દેહની ઉત્તમતા (કવિતા)

જાગ્ય, જાગ્ય, મનુષ્ય દેહ નહિ મળે ફરી,
અન્ય કાજ ત્યાગ ભજ તું વલ્લભહરિ; ૧

દુર્લભ છે મનુષ્ય દેહ, કર પ્રભુની સાથે સ્નેહ
પ્રપંચ છોડ, મઝમત તોડ,
કર જોડી પાયે લા...ગ
નહિ મળે ફરી— ૨

દારાગાર પુત્ર આપ્ત, સર્વ વસ્તુ પ્રભુથી પ્રાપ્ત,
અર્પણ કર, ખુશીથી વર,
ઉઘડ્યું તારૂં ભા...ગ્ય
નહિ મળે ફરી— ૩

સેવા કર તું નિત્ય નેમ, રાખશે પ્રભુ કુશળ ક્ષેમ
મહા ઉદાર, તારણહાર,
અસઝતાનો લા...ભ
નહિ મળે ફરી— ૪

પાઠ ૧૭ મો.

पत्रं पुष्पं फलं तोयं

पत्रं पुष्पं फलं तोयं योमेभक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतश्नामि प्रयतात्मनः ॥ १ ॥

નિર્મળ અંતઃકરણવાળો પુરૂષ ભકિતપૂર્વક આણેલું પત્ર, પુષ્પ, ફળ અને જળ એમાંનું જે કંઈ મને ભક્તિવડે અર્પણ કરે છે તે હું આરોગું છું.

શ્રીમદાચાર્યચરણ, ઉપરના ગીતાવાક્યનું વિવરણ નિચે મુજબ કરે છે. પત્ર એટલે તુલસી વગેરે, પુષ્પ એટલે લવીંગ વિગેરે, ફલ એટલે કેરી વિગેરે, જળ એટલે ગંગાજળ વગેરે એ ચાર વસ્તુ વિકાર રહિત છે. કમોદને ખાંડીને તેનાં છાલાં કાઢી નાંખે ત્યારે કમોદ વિકૃત થઈ કહેવાય છે. તેવી રીતે ઉપરની ચાર વસ્તુને કરવું પડતું નથી, માટે તે અવિકૃત છે. બીજી વસ્તુઓને રાંધવાથી ઉપઘાત થાય છે. અહીં તેમ કરવું પડતું નથી. એમને એમ ધરી શકાય તેવી વસ્તુઓ પત્રાદિક અર્પણ કરવાની કહેલી છે; તેથી તે વનમાં રહેનારા નિષ્કંચન પરમહંસોને માટે ઉપલક્ષણની રીતે કહેલું છે. ઉપલક્ષણ એટલે અહીં જે વસ્તુઓ કહેલી છે તે જ અર્પણ કરવી. “ सत्ता प्रमाणे समर्पण करवुं तेनुं

नाम ते सेवा रे " કેમ કે આપ શ્રીમુખથી જ આજ્ઞા કરે છે કે બ્રાહ્મણદ્વારા હું અન્ય વસ્તુ આરોગું છું. બ્રાહ્મણદ્વારા આરોગે તો ભક્તની અર્પેલી અન્ય વસ્તુ કેમ ન આરોગે ? અવિકૃત શબ્દનો અર્થ વિચારક પુરૂષો ઉત્તમ સંસ્કારથી શુદ્ધ કરેલું એવો કરે છે; અર્થાત્ ઉત્તમ પ્રકારે શુદ્ધ કરેલી સમગ્રી પ્રભુ આરોગે છે. કોઈ એક ભક્તે લાવીને અર્પણ કરેલી એક જ વસ્તુ હું આરોગું છું, કેમકે કોઇને પણ એ ચાર વસ્તુ પ્રભુને અર્પણ કરવા જેટલી અધિક શ્રદ્ધા હોતી નથી.

પત્ર, પુષ્પ, ફળ, જળમાંથી ગમે તે એક અર્પણ કરે તેનો હું અંગીકાર કરૂં છું. મારે માટે એ વસ્તુ સંપાદન કરીને પોતાના અધિકારાનુસાર ગમે તે સ્થળે મને અર્પણ કરે ત્યાં હું આરોગું છું. કેવી રીતે અર્પણ કરે તો પ્રભુ આરોગે ? અર્પણ કરતી વખતે મને ભક્તિથી અર્પણ કરે; જેમ પિતા પોતાના પુત્રને ઈષ્ટ વસ્તુ પ્રેમથી આપે છે, તેમ મને અર્પણ કરે. એટલું જ નહિ પણ વિશેષમાં તે વસ્તુને તેને સ્થળેથી લાવે ત્યારથી માંડીને મારી સમીપ લાવી મને અર્પણ કરે ત્યાંસુધી મારામાં ભક્તનો સ્નેહ અવિછિન્ન રહેવો જોઈએ; અર્થાત્ પ્રભુને અર્પણ કરવાની વસ્તુ સંપાદન કરવાના સમયથી પ્રભુના વિનિયોગમાં આવે ત્યાંસુધી ચિત્તમાં ભગવદાવેશ રહેવો જોઈએ. સંપાદન કરતી

વખતે પ્રભુમાં આવેશ નહોય પણ અન્યના ભોગ માટે તે વસ્તુ સંપાદન કરવાનું મનમાં હોય તો તે વસ્તુ પ્રભુ અંગીકાર કરતા નથી. વળી તે વસ્તુ અર્પણ કરનાર પ્રયતાત્મા હોય તોજ પ્રભુ સ્વીકારે છે. પ્રયતાત્મા એટલે ઉત્તમ પ્રકારે જેણે પોતાના અંતઃકરણને વશ કરેલું હોય તેની જ અર્પણ કરેલી વસ્તુ પત્રાદિક પ્રભુ આરોગે છે. મૂળમાં "અશ્નામિ" શબ્દથી જે પ્રકારે ભોગ્ય હોય તે પ્રકારે હું તેનો ઉપભોગ કરૂં છું. આ પ્રમાણે ભક્તોએ અર્પેલી વસ્તુઓનો પ્રભુએ અંગીકાર કરેલો છે. એ વાત ભક્તોના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ જણાય છે. જેમકે પ્રભુ દુર્યોધનનો મેવો ત્યજી વિદુરને ઘેર ભાજી, શબરીનાં બોર, સુદામાના તાંદુલ, ગદાધરદાસજીનું જળ, પદ્મનાભદાસજીનાં છોલાં (પલારેલા ચણા), શ્રી ગોંસાઈજીના સેવક જમનાદાસે એક હજાર રૂપૈયા આપી આણેલું ખડબુચું આરોગ્યા છે.

પ્રભુ મહાન્ સમૃદ્ધિવાળા છે, તેથી આવી તુચ્છ વસ્તુ અર્પણ કરવાથી પ્રભુ પ્રસન્ન કેવી રીતે થાય, એમ શંકા કરવી નહિ. પ્રભુને પ્રેમથી જે કંઈ વસ્તુ ભક્ત અર્પણ કરે તેનો પ્રભુ અંગીકાર કરે છે.

અહિં મૂળમાં પત્ર, પુષ્પ, ફળ અને જળ એ ચાર જ વસ્તુ કહી છે. પણ વાસ્તવિક રીતે એ ચારમાં સર્વ વસ્તુનો સમાવેશ થાય છે. અન્ન વસ્ત્રાદિકનો સમાવેશ ફળમાં જ થાય

છે. દૂધ, શેરડીનો રસ ઈત્યાદિકનો સમાવેશ જળમાં જ થાય છે. તાંબુલાદિનો પત્રમાં જ સમાવેશ થાય છે. એમાંની હરકોઈ વસ્તુ પ્રેમથી પ્રભુને અર્પણ કરે તેનો પ્રભુ અંગીકાર કરે છે. માટે દરેક વૈષ્ણવ યુવકોએ અંતઃકરણ વશ રાખી કામાદિ શત્રુઓ દૂર રાખી ઉત્તમ વસ્તુ પ્રભુ માટે જ સંપાદન કરી, સંપાદન કાળથી પ્રભુને અર્પણ કરવાના સમય પર્યંત પ્રભુમાં જ ચિત્ત રાખી એ વસ્તુમાં પોતાના કે બીજાના ઉપભોગની જરાપણ બુદ્ધિ કર્યા વિના પ્રેમથી દીનભાવ પૂર્વક પ્રભુને અર્પણ કરવી, કે જેથી પ્રભુ પ્રસન્ન થઈ આરોગે. ગરૂડજી જેવું જેમનું આસન કે જે મખમલથી પણ સુંવાળું, કૌસ્તુભમણિ જેવું ભૂષણ, લક્ષ્મીજી જેમનાં પત્ની; ક્યાં આ પ્રભુની સમૃદ્ધિ અને ક્યાં અલ્પ સામગ્રી? આપણે એટલું તો નિશ્ચય સમજ્યા કે ભક્તે અર્પણ કરેલી વસ્તુ પ્રભુ આરોગે છે.

પાઠ ૧૮ મો

જગતની સત્યતા (ભાગ ૧)

નાતાલની રજાઓ હતી એટલે ઘણી ખરી કોલેજો, પાઠશાળાઓ અને નિશાળોમાં રજાઓ પડી હતી. આ

વખતે કૃષ્ણશંકર, લહેરીસેન, મધુસુદન વગેરે હરિદાસના મિત્રો પણ કોલેજમાં રજાઓ હોવાથી આવ્યા હતા. હરિદાસ ઇંગ્રેજી સાતમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. નિશાળમાં તે પહેલો નંબર રાખતો. ઘણીખરી વખત તે ભગવન્મંડળીમાં પણ જતો હતો. આજે તે ભગવન્મંડલીમાં જવા નીકળ્યો તે વખતે તેના મિત્રો બહાર ઓટલા ઉપર ગપાટા મારતા હતા. તે આવ્યો કે તરતજ કૃષ્ણશંકરે પૂછ્યું: અલ્યા હરિદાસ! અત્યારે ક્યાં જવા માંડયું ?

હરિદાસ—લ્યો ચાલો! આજે તો આપણે બધાયે ભગવન્મંડલીમાં જઇએ.

મધુસુદન—ના ભાઈ! મારે તો કાંઈ આવવું નથી. ત્યાં આવીને ચોરાશી અને બસોબાવન વૈષ્ણવની વાર્તાઓ સાંભળવી; પછી પ્રસાદ લઈ તાલીઓ પાડી ઘેર આવવું એ કંઈ મને રૂચતું નથી.

હરિદાસ—તું કહે છે તેમ એકલી વાર્તા વંચાતી નથી. તારૂં પ્રિય સંગીત પણ સુંદર રીતે કીર્તનીઆજી ગાશે. હા! પણ તેની અંદર પ્રભુનાં ગુણગાન જ ગવાશે.

લહેરીસેન—મધુસૂદનને આવવું હોય તો આવે! તે તો સંગીતના શોખીન! આપણને તે ન રૂચે.

હરિદાસ—તારા તર્કશાસ્ત્રના જવાબ ત્યાં મલશે, ત્યાં તારી શંકાઓનું સમાધાન પણ કરશે.

ઉપર પ્રમાણે વાતચીત થયા બાદ સર્વે મિત્રો ભગવન્મંડલીમાં જાય છે. હરિદાસ સર્વેને જય શ્રીકૃષ્ણ કહીને જ બેસે છે. આજે સહેજ મોડું થવાથી વાર્તા વંચાઈ ગઈ હતી. થોડોક નિત્યનિયમ થયા બાદ કીર્તનો ગવાયાં, કે જે સાંભળી મધુસૂદન છક થઈ ગયો. ત્યારબાદ ધીમે ધીમે ભગવન્મંડલીમાં પ્રસાદ વહેંચાયા પછી સર્વે વિદાય થવા લાગ્યા.

હરિદાસ, તેના મિત્રો તથા બીજા બે ત્રણ વૃદ્ધ વૈષ્ણવો બાકી રહ્યા. હરિદાસ તેઓને સારી રીતે ઓળખતો હોવાથી જરા પણ શરમાતો નહિ.

હરિદાસ—લહેરીપ્રસાદ! તારે શંકાઓ પૂછવી હોય તો પૂછ.

લહેરી—શંકા તો એ છે કે જગત્ સત્ય કે અસત્ય.

હરિદાસ—વલ્લભદાસ કાકા! આ હમારા ભાઈબંધને આજે તો તેડી આણ્યો છે. તેની શંકાઓનું નિવારણ થાય તો સારૂં.

વલ્લભ—જો ભાઈ સાંભળ! જગત્ તો સત્ય જ છે.

લહેરી—તે તો અસત્ય છે. સત્ય કેવી રીતે ?

વલ્લભ:—તમેજ કહો કે તે અસત્ય શા માટે કહેવાય ?

લહેરી:—હું હમણાં ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરૂં છું. મેં એક પુસ્તકમાં વાંચ્યું છે કે તે અસત્ય છે.

તેમાં પાછું દૃષ્ટાંત આપી સમજણ પાડી છે. જેમ દોરડામાં સર્પનો ભ્રમ થાય છે, છીપમાં રૂપાનો ભ્રમ થાય છે તેમ તે અસત્ય છે. એટલે કે તે સર્પ, અથવા તો રૂપું જેમ અસત્ય છે તેમ જગત્ અસત્ય છે.

વલ્લભ:—જો સાંભળો; તે અસત્ય નથી પણ સત્ય જ છે. મૂર્ખ માણસ હોય તેને કંઈ પણ સમજણ ન પડે. તેઓને પારખી શકવાનું કંઇ જ્ઞાન પણ નહોય. તે જ્ઞાન ફકત વિદ્વાનોને જ હોય છે. જેને પારખી શકવાનું જ્ઞાન હોય તેને તો ભ્રમજ થાય નહિ. ચોકસી હીરાને તરત જ પારખી શકે કે આ ખોટો છે કે આ સાચો છે; કારણ કે તેને ખરાખોટાની પરીક્ષા છે. જ્ઞાન મેળવવું જરૂરનું છે; ત્યારપછી ભ્રમ જવાનો. જેણે એમ જાણ્યું કે "આ દોરડું છે" તેને સર્પનો ભ્રમ થશે નહિ. જેણે એમ જાણ્યુ કે "આ છીપ છે" તેને રૂપાનો ભ્રમ થશે નહિ.

કૃષ્ણદાસ:–જો ભાઈ! તે ઉપરાંત પણ આપણે કોઇક અમુક વસ્તુ જોઈ હોય અને તેના જેવા જ આકારની બીજી વસ્તુ અંધારામાં હોય તો અજાણતાં તે વસ્તુમાં પ્રથમ જોયેલી વસ્તુની ભ્રાંતિ થાય.

તેમ આપણે પહેલાં સત્ય સર્પ જોયેલો હોય ત્યારેજ આપણને સર્પનો ભ્રમ થાય; તેમ આપણે પહેલાં સત્ય જગત્ જોયેલું એજ સાબીતી.

કૃષ્ણશંકરઃ—ત્યારે શું તેને ઝાંઝવાના પાણી જેવું કહ્યું છે તે ખોટું ? તે તો સ્વપ્નવત્જ છે.

વલ્લભઃ—હા ભાઈ! તે ખોટું છે; કારણ કે વ્યાસમુનિ આજ્ઞા કરે છે કે જગત્ સ્વપ્નવત્ નથી એટલે કે અસત્ય નથી. આ જગત્ અસત્ય છે. તેની પ્રતિષ્ઠા ધર્મ અને અધર્મ રૂપ વ્યવસ્થા નથી એમ જે કહે છે તેને ભગવાન્ ગીતાજીમાં નિંદે છે. જેને બ્રહ્મનું યથાર્થ જ્ઞાન થયું હોય તેને કોઈ પણ દિવસ ભ્રમ થતો નથી. તે તો બ્રહ્માત્મક જ છે.

કૃષ્ણદાસઃ—હવે તો કાલે આવીશું. આજે ઘણું મોડું થઈ ગયું છે માટે રજા લઈશું.

પાઠ ૧૯ મો

જગતની સત્યતા ભાગ ૨ જો.

આજે સર્વ મિત્રો વેળાસર જઇને બેઠા હતા. હંમેશ પ્રમાણે નિત્યનિયમ થઈ ગયા પછી તેઓએ વલ્લભદાસના

કહેવાથી કાલની જ બાબત ઉપર પૂછવાનું શરૂ કર્યું.

લહેરી—જગત્નો નાશ અને ઉત્પત્તિ છે માટે તે અસત્ય કહી શકાય.

વલ્લભ:—તેનો તો નાશ પણ નથી અને ઉત્પત્તિ પણ નથી. તેનો આવિર્ભાવ અને તિરોભાવ છે. આવિર્ભાવ એટલે મૂળ તત્ત્વોનું કંઈ પણ રૂપમાં આવવું તે, અને તિરોભાવ એટલે તેનાં તે તત્ત્વોનું અદૃશ્ય થવું તે. જેમ માણસનું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. હવે તે મરણ પામે છે ત્યારે તે પાંચે તત્ત્વો તેના મૂળ સ્વરૂપમાં મળી જાય છે. તેથી આપણે કહી શકીએ કે તેનો નાશ અને ઉત્પત્તિ નથી, પણ આવિર્ભાવ અને તિરોભાવ છે. જેનો આવિર્ભાવ અને તિરોભાવ હોય તે અનિત્ય અને અસત્ય ન કહેવાય.

આ જગત પહેલાં અવ્યાકૃત હતું એટલે નામરૂપ સુદ્ધાં બ્રહ્મમાં લીન હતું. પછીથી તે વિસ્તારરૂપ પ્રકટ થયું. જેમ સંકેલેલો કપડાંનો તાકો હોય અને પછી તેજ તાકાને ખોલે ત્યારે કપડાંનો વિસ્તાર જોવામાં આવે, તો ત્યાં એમ જ સમજવું જોઇએ કે પહેલાં તે જ કપડું સંકો-

ચથી હતું અને હવે પ્રસારણ થવાથી લાંબુ દેખાય છે. પરંતુ કાંઈ કપડું નહતું એમ ન કહેવાય. તેવી જ રીતે આ જગત્ પહેલા બ્રહ્મમાં સંકોચથી રહેલું અને પછીથી વિસ્તરેલું. પરંતુ જગત્ તો તેનું તેજ. તેથી આ પદાર્થને આવિર્ભાવ અને તિરોભાવ કહી શકાય.

કૃષ્ણદાસઃ–હજુ પણ તમારી શંકાનું સમાધાન ન થતું હોય તો આગળ પણ સાંભળો. જેવી રીતે કડાં કુંડલાદિ આભૂષણો સુવર્ણમાંથી બને છે અને જ્યારે કર્તા ઇચ્છા કરે છે ત્યારે સુવર્ણનું સુવર્ણ બને છે, તેમ આ જગત્ છે. વળી જો બ્રહ્મ સત્ય તો જગત્ પણ સત્ય. કારણ કે "કાર્યના ગુણો કાર્યમાં આવે" એ ન્યાય છે. જેમકે પીળા તંતુઓમાંથી બનેલું કપડું પીળું થશે તેવી જ રીતે જો બ્રહ્મ સત્ય તો જગત્ પણ સત્ય; અને જો બ્રહ્મ અસત્ય તો જગત્ પણ અસત્ય; પણ બ્રહ્મને અસત્ય કહેનાર નાસ્તિક જ કહેવાય અને તેને ભગવાન્ ગીતાજીમાં નિંદે છે.

લહેરી:—તેની સત્તા તો ત્રણે કાળમાં જણાતી નથી. જે

સત્ય હોય તે ત્રણે કાળમાં સત્તાશાળી હોય જ.

કૃષ્ણ:—તે સત્ય જ છે. તે ત્રણે કાળમાં સત્તાશાળી છે. તેની જે નાશ અને ઉત્પત્તિ દેખાય છે તે ભ્રમજ છે. આવિર્ભાવ અને તિરોભાવ વિષે વલ્લભદાસ જે કહી ગયા તે આપણે સમજીએ તો તે સત્યજ છે.

વખત ઘણો થઇ ગયો હોવાથી સર્વ જય શ્રી કૃષ્ણ કરી છુટા પડે છે.

પાઠ ૨૦ મો

દયારામ કૃત પદ ૧

તું ભજ મન મેરે ગોકુળચંદં, ટેક.
ગોકુળચંદં ગોપમચેન્દં, શ્રી વ્રજરાજ કિશોરં;
યશોમતિબાલં મદનગોપાલં, ગોપીજન ચિતચોરં ૧.
વૃંદાવનવાસી રાસવિલાસી, નટવરનંદ કુમારં;
ગિરિવરધરણં ભક્તાભરણં, મદન મહામદ મારં ૨.
મધુપુરીભૂપં અકળસ્વરૂપં, શરણાંગત પ્રતિપાલં,
શ્રી રાધાનાથં શ્રુતિ ગુણ ગાતં, મહામતિ દીન દયાલં ૩.
રાધારમણં જગત સ્તવનં, સર્વેશ્વર શ્રુતિસારં;
આત્મારામં પૂરણકામં, દયારામ ઉરહારં. ૪.

પાઠ ૨૧ મો

શ્રીગોકુલનાથજી

શ્રીગોકુલનાથજી એક પરાક્રમી ગોસ્વામી મહારાજ હતા. શ્રીગુસાંઇજીના સાત પુત્રો પૈકી તેઓશ્રી ચોથા પુત્ર હતા. તેઓશ્રીનાં માતૃશ્રીનું નામ શ્રીરૂકમણિજી હતું. તેઓશ્રીનો જન્મ સંવત ૧૬૦૮ ના માગશર સુદ સાતમને ગુરૂવારના રોજ થયો હતો. તેઓશ્રીનું નામ શ્રીગુંસાઇજીએ " શ્રી વલ્લભ" રાખેલું હતું, પરં તેઓશ્રીના પ્રાકટય સમયે કૃષ્ણા દાસી નામની વૈષ્ણવ સ્ત્રીએ "મેરા ગોકુલનાથજી" એમ સંબોધન કર્યું હતું. માટે કરીને શ્રીગોકુલનાથ એ નામ પ્રચલિત છે.

તેઓશ્રીને રમતગમતનો ઘણો જ શોખ હતો. દરેક જાતની રમતગમતોમાં તેઓશ્રી પ્રવીણ હતા. ઘોડા હાથી ઇત્યાદિ વાહનો ઉપર તેઓશ્રી સારી રીતે સ્વારી કરી શકતા. ગોકુળથી ગિરિરાજ સેવાર્થે જ્યારે જ્યારેજતા હતા ત્યારે ત્યારે ઘોડા ઉપર બેસીને જ જતા.

પાંચ વર્ષ પછીથી તેઓશ્રીએ વિદ્યાભ્યાસ શરૂ કર્યો. થોડાક વખતમાં જ તેઓશ્રી સર્વ શાસ્ત્રોમાં નિપુણ થઇ ગયા. ઘર આગળ તેઓશ્રી ફક્ત ભાગવતનું અધ્યયન કરતા.

પાઠશાળાનો કોઈપણ પાઠ તેઓશ્રી વાંચતા નહતા, તોપણ બધા વિદ્યાર્થીઓ કરતાં આગળ નંબર મેળવી અચંબો પમાડતા હતા. તેઓશ્રી પોતાના સહાધ્યાયીઓને પણ તેઓની ભૂલો બતાવતા, ગુરૂ પણ તેમની આ ચાલાકીથી અંજાઈ ગયા અને જાણ્યું કે આતો પુરૂષોત્તમ રૂપ પ્રભુ છે.

વિદ્યાભ્યાસ કર્યા પછી તેઓશ્રી જુદે જુદે દેશ પધાર્યા અને પછી મથુરાં નિવાસ કર્યો. સોળ વર્ષની ઉંમરે તેઓ શ્રીનું લગ્ન વેણાભટ્ટ નામે ગૃહસ્થની પાર્વતી નામની કન્યા સાથે થયું.

તેઓશ્રી ઘણા જ વિદ્વાન હતા. આ માર્ગના પાયાને મજબુત બનાવી તે ઉપર દિવાલ ચણનાર અર્થાત્ આ માર્ગને વધુ પ્રકાશમાં આણનાર તેઓશ્રીજ હતા. તેઓશ્રીએ ઘણા ગ્રંથો રચ્યા છે.

તેઓશ્રીએ તિલક અને માલા માટે ઘણું કષ્ટ વેઠયું છે. ચિદ્રુપ નામના સંન્યાસીએ ઘણો જ કેર વર્તાવ્યો હતો. કારણ કે રાજાને પોતે પોતાના માયિક બળથી વશ કરી વરદાન મેળવ્યું હતું. આ ઝગડામાં ગોકુલ કે જે પોતાને તાબે હતું તે છોડવું પડયું. ત્યાંથી તેઓશ્રી સોરમજી પધાર્યા. આવી રીતે ઘણાં કષ્ટો વેઠયાં, આખરે સંન્યાસીનું જુઠાણું પકડાયું અને તેને સજા થઇ. ત્યારબાદ તેઓશ્રીએ ફરીથી ગોકુલ વાસ કર્યો.

તેઓશ્રી આપણા ગુજરાતમાં પણ પધારેલા છે. ઘણા જીવોને શરણે લીધા છે.

તેઓશ્રીનું સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજી હતું કે જે અત્યારે શ્રીનાથદ્વારમાં બિરાજે છે. તેઓશ્રી આ ભૂતલ ઉપર ૮૯ વર્ષ બિરાજી સંવત ૧૬૯૭ માં અંતર્ધ્યાન થયા.

પાઠ ૨૨ મો

પુષ્ટિમાર્ગ

અત્યારની કેળવણી પામેલા ઘણા માણસો પુષ્ટિનો અર્થ ખાવું, પીવું, મોજમઝાહ ઉડાવવી એમ કરે છે. તેઓ આજુબાજુનો બીજો કાંઇપણ વિચાર કરતા નથી. સ્વમાર્ગીય પુસ્તકો અથવા તો બીજા શાસ્ત્રીય સિદ્ધાંતનું જ્ઞાન નહિ હોવાથી તેઓ આવો અર્થ કરે છે. મૂઢ લોકોને આ, કૃપાથી સાધ્ય જે માર્ગ છે તેનું કયાંથી ભાન હોય? વળી ઘણા દુષ્ટ પુરૂષો તો આ માર્ગ વિષયાત્મક છે એમ કહેવાની પણ હિંમત કરે છે.

પુષ્ટિ એટલે પ્રભુની કૃપા; તેનો જે માર્ગ તે પુષ્ટિ માર્ગ. દરેક શાસ્ત્રો, આ માર્ગ શાસ્ત્રીય છે, તેને માટે પ્રમાણ રૂપ છે. પ્રભુની કૃપા રૂપી જે પોષણ તેને પુષ્ટિમાર્ગ કહે છે. આવી રીતે શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે. શ્રુતિ પણ કહે છે કે આ આત્મા પ્રવચનથી, મતિથી કે શાસ્ત્રોથી મેળવાતો નથી પણ પ્રભુ પોતે જે જીવનો ઉદ્ધાર કરવા ઈચ્છે છે તેના ઉપર કૃપા કરી પોતાને પ્રાપ્ત કરાવે છે. આ જે કૃપા માર્ગ તેજ પુષ્ટિમાર્ગ. જીવકૃત સાધન વિના પુરૂષોત્તમ સ્વ સ્વરૂપ બલથી જીવને પોતાની પ્રાપ્તિ કરાવે છે તેજ પુષ્ટિ. શાસ્ત્રોકત જે જ્ઞાનભકિત છે, તેની સાધનરહિત જીવને પણ ભગવાન સ્વસ્વરૂપબલથી પ્રાપ્તિ કરાવે છે. પુષ્ટિમાર્ગની સિદ્ધિમાં ભગવત્ કૃપા જ કારણ છે. પુષ્ટિમાર્ગ શાસ્ત્રીય રીતેજ છે તેનાં ગીતા, ભાગવતાદિનાં ઘણાં પ્રમાણો છે.

સાધનક્રમથી જીવને મુકત કરવાની ઈચ્છા તે મર્યાદા માર્ગની મર્યાદા, અને સાધનવિના મુકત કરવાની ઈચ્છા તે પુષ્ટિ માર્ગની મર્યાદા છે. પુષ્ટિમાર્ગ મર્યાદા માર્ગથી વિલક્ષણ છે. મર્યાદા માર્ગમાં વૈરાગ્યથી અધિકાર થાય છે જ્યારે પુષ્ટિમાર્ગમાં કૃષ્ણના વિપ્રયોગાત્મક સ્વરૂપમાં પ્રેમ તેજ સાધન છે. તે માર્ગમાં સંન્યાસ લેવો પડે કે જે લીધા પછી પણ શ્રવણ, મનન કરવું પડે; અહીં તેમ નથી. ફક્ત વિરહ જ મુખ્ય સાધન છે. શ્રીકૃષ્ણની સાથે સંબંધ તેજ

ભક્તિમાર્ગમાં મુક્તિ કહી શકાય. આ પુષ્ટિમાર્ગ પ્રમાણ માર્ગથી વિલક્ષણ છે. મર્યાદામાં જેમ અન્યની અપેક્ષા છે તેમ અહીં નથી. અહીં ફલપ્રાપ્તિ માટે નિઃસાધનતા જ સાધન છે. અહીં પ્રભુ અંગીકાર કરવામાં યોગ્યતાનો વિચાર કરતા નથી. જે માર્ગમાં અંગીકાર કરવામાં પ્રભુને અણુમાત્ર પણ સ્વાર્થ નથી, કેવલ પોતાની ઈચ્છાથી જ કરે છે તેજ પુષ્ટિમાર્ગ. અહીં સ્વરૂપ સંબંધ જ સાધન છે.

આ માર્ગમાં વિષયવાસનાની ગંધ પણ નથી. શ્રી મહાપ્રભુજી પોતે જ શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે જીવોનાં ચિત્ત વિષયોથી વિંધાઈ ગયેલાં છે તે જીવોમાં પ્રભુનો આવેશ ઘણોજ દૂર હોય છે. સંન્યાસ નિર્ણય નામના ગ્રંથમાં પણ આજ્ઞા કરે છે કે જેના દેહો વિષયોથી ભરપૂર છે, તેઓને પૂર્ણ પુરૂષોત્તમનો આવેશ કદી પણ થતો નથી. વળી નિરોધલક્ષણ ગ્રંથમાં પણ આજ્ઞા કરે છે કે સંસાર-વેશ વાળી દુષ્ટ ઇંદ્રિયોના હિતને માટે તેઓને સર્વ વ્યાપક ઈશમાં યોજવી. કયાં છે જરા પણ વિષયની ગંધ!

આ માર્ગમાં મોજ મઝાહને પણ સ્થાન નથી; કારણ કે અહીં તો વિરહજ મુખ્ય ગણાય છે. વિરહથી દીનતા આવે છે અને તેનાથી પ્રભુ અંતરમાંથી પ્રકટ થાય છે. આ માર્ગ મોજ મઝાહનો નથી તેને માટે બીજાં કેટલાંયે પ્રમાણો મોજુદ છે.

આ પુષ્ટિમાર્ગના પણ મિશ્ર અને શુદ્ધ એમ બે પ્રકાર છે. પ્રવાહ મિશ્રિત પુષ્ટિ, મર્યાદા મિશ્રિત પુષ્ટી અને પુષ્ટી મિશ્રિત પુષ્ટી એમ મિશ્રના પણ ત્રણ પ્રકાર છે. શુદ્ધ અને મિશ્ર પુષ્ટિભક્તો સાધન દશામાં પણ પ્રભુ સાથે સાક્ષાત્ સંબંધ અનુભવે છે. તેઓ કર્મ, ઉપાસના કાંઈ કરતા નથી. પ્રવાહમિશ્રિત પુષ્ટિભક્તો ક્રિયાસક્ત હોય છે. વ્રજાદિ તીર્થોમાં પર્યટન કરવું વિગેરે ક્રિયાઓ પ્રવાહ મિશ્રિત પુષ્ટિભક્ત ભગવદ્ ઇચ્છાથી કરે છે. મર્યાદામિશ્રિત પુષ્ટિ ભક્ત ગુણજ્ઞ હોય છે. ભગવદ્ધર્મમાં તેમને પ્રેમ હોય છે. ગુણગાન કરી કાલ નિર્ગમન કરે છે, આવા ભક્તોને કોઈક વખત પ્રભુ સ્વરૂપાનંદમાં ડુબાડી દે છે. પ્રભુનાં ગુણગાન કરી કૃપાનંદ સુધાનો આસ્વાદ ચખાડે છે. પુષ્ટિ મિશ્રિત પુષ્ટિ ભક્ત સર્વજ્ઞ હોય છે. પુષ્ટિ માર્ગનું તત્ત્વ અતિસૂક્ષ્મ, ગહન અને ન જાણી શકાય તેવું છે. તે માર્ગમાં અતિશય કૃપા વિના પ્રવેશ થતો નથી. તેવા ભગવદીયો પણ વિરલજ હોય છે. શુદ્ધ પુષ્ટિભક્તમાં પ્રેમ સિવાય કાંઈપણ હોતું નથી. આવા રસિક ભગવદીયો મળવા દુર્લભ છે.

પાઠ ૨૩ મો

કવિતા

વામાંશે વસ્ત્ર શોભતું જ્યહાં કુંડલ તણી કાન્તિથી,
વેણુગીત કરે ત્રીભંગ વપુથી, ભ્રુનિત્ય લીલા કથી;
શીરેથી ખસતાં મયુર પિચ્છ તો સ્નિગ્ધાલી સમકેસથી,
રાધાદિ પ્રમદા અનેક યુથમાં વન્દુ કિશોર સુરૂપથી. ૧૦
નિલાં પદ્મ કલિ સમાં અંગમૃદુ મંદસ્મિતે વકત્ર છે,
ધારી છે વનમાલ સ્નિગ્ધ યુગલે વસ્ત્રો ગોરો કાન્તિ છે;
પોતાના ભક્તો તણા હૃદયને હાસ્યામૃતે તોષતા,
રાધા કેલકથા મહી રતિ સદા શ્રીકૃષ્ણ તો રક્ષતા.

પાઠ ૨૪ મો

—:o:—

સમર્પણ

સમ્યક્ પ્રકારે પ્રભુને કાંઇપણ ચીજ અર્પવી તેનું નામ સમર્પણ. અર્પણ કરવું એટલે કે સ્વામીને ભોગવવા લાયક વસ્તુ હોય તો તે વસ્તુ માટે સ્વામીને વિજ્ઞાપના કરવી. જેમ રસોઇઓ રસોઇ અર્પણ કરે છે તેમ અર્પણ કરવું જોઇએ.

સમર્પણ કરવું એ દરેક જીવનો ધર્મ છે. સમર્પણ પ્રભુને જ કરવું, કારણ કે સર્વ પ્રભુનું જ છે. તે આપણા સંબંધમાં આવેલું તેથી તેમાં પોતપણાની બુદ્ધિ થઈ હોય તે નિવૃત્ત કરવાને માટે જ સમર્પણની આવશ્યક્તા છે.

શરીરથી, વાણીથી, મનથી,ઇંદ્રિયથી અથવા તો બુદ્ધિથી, આત્માથી, તેને અનુસરતા સ્વભાવથી, જે જે કંઈ પુરૂષ કરે છે તે પ્રભુને જ સમર્પવું. પોતાનું જે ઈષ્ટ હોય, પોતે જે આપ્યું હોય, જે તપ કર્યું હોય, જે જપ્યું હોય, જે પોતાને પ્રિય હોય તે અને સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ એ સર્વ ચીજ પરમાત્માને જ સમર્પવી જેવી રીતે કૃષ્ણાર્પિત કરવાથી દોષો દૂર થાય છે તેવી રીતે તપ કરવાથી દોષો દૂર થતા નથી. દરેક વસ્તૂનો ઉપયોગ કરતાં પહેલાં સમર્પણ કરવું જોઇએ. આ પ્રમાણે શ્રીમદ્ ભાગવત, ગીતા ઈત્યાદિ શાસ્ત્રોનાં ઘણાં વચનો છે. વળી આગળ પણ કહે છે કે "હે અર્જુન! તું જે કરે છે, જે ભોગવે છે, જે યજ્ઞ કરે છે, તું જે આપે છે, જે જુએ છે તે સર્વ મને અર્પણ કર."

કોઈ એમ શંકા કરે કે સ્વામીને એટલે પ્રભુને સમર્પાયેલા અન્નથી સેવકનો નિર્વાહ થાય છે માટે પ્રભુની વસ્તૂના ઉપભોગથી, થયેલા દોષ વડે સેવામાં પ્રતિબંધ થાય. તેના સમાધાનમાં કહેવાનું કે આત્મ સમર્પણ કરતી વેળાએ આપણે ચેતનરૂપ, સ્ત્રી, પુત્ર ઈત્યાદિ અને અચેતન

રૂપ ઘર, પૈસા વિગેરે પ્રભુને સમર્પ્યાં છે, તે તેનો વિનિયોગ હવે કરવો એટલે કે પ્રભુ સેવામાં જોડવાં. આથી આપણું મન પ્રભુમાં લાગે છે અને પછીથી સમર્પેલી વસ્તુ પ્રસાદ રૂપ છે અને તેનાવડે નિર્વાહ ચલાવવામાં દોષ નથી; કારણુ કે આપનો પ્રસાદ લેનાર દાસો તમારી માયાને જીતીએ છીએ. પ્રસાદી વસ્તુ કે જે ભગવાન વડે અપાયેલી છે તે આદરપૂર્વક ગ્રહણ કરવી તેથી કરીને પ્રસાદી લઇને નિર્વાહ ચલાવવો તેમાં કંઈ પણ પ્રતિબંધ નથી.

સમર્પવાની વસ્તુ અર્ધભુક્ત ન હોવી જોઇએ. સર્વ વસ્તુ પ્રુભુને પ્રથમ અર્પીને પછીથી પ્રસાદ રૂપ તેનો ઉપયોગ કરવો જોઇએ. કાંઈ પણ વસ્તુ પ્રભુ માટે લાવ્યા તેમાંથી થોડીક બીજા કોઇને આપી અથવા તો પુત્રાદિને આપી સમર્પણુ કરીએ તો તે અર્ધભુકત સમર્પણુ કરી કહેવાય. કાંઈ પણ વસ્તુ આપણા માટે લાવ્યા હોઇએ તે પણ પ્રભુને ન ધરી શકાય. પ્રભુને અર્પવાની ચીજમાં, આપણે તે ભોગવવાની છે એમ પણ મનમાં ન થવું જોઇએ. જો આવી ઇચ્છા થઈ જાય તો પ્રભુના ચરણારવિંદનું ધ્યાન કરવું કારણુ કે પ્રભુનાં ચરણારવિંદમાં વ્રજ, અંકુશ વિગેરે ચિન્હો છે. અંકુશ જેમ હાથીને કબજે રાખે છે તેમ આપણા મનને પણ કબજે રાખે. કોઈ પણ વસ્તુ આપણે બજારમાં લેવા ગયા અને તેને ચાખીએ કે સુંઘીએ તો તે અર્ધભુક્ત

ન ગણાય. અર્ધભુક્ત તો ત્યારે જ ગણાય કે જ્યારે વસ્તુને દેખીને તરતજ તેનો ઉપભોગ કરવાની તીવ્ર ઈચ્છા થાય, ઇંદ્રિયો તેનો વ્યાપાર શરૂ કરે (હાથમાં લઈ મોઢામાં મૂકે). ઉપરની વસ્તુ પ્રભુને સમર્પવી નહિ.

આપણે જ્યારથી કાંઈ પણ ચીજ લાવીએ ત્યારથી જ "આ પ્રભુની છે" એમ માનીને જ લાવવી અને સમર્પણ કરાવવી. અન્યથા પ્રભુ તેની વસ્તુ અંગીકાર કરતા નથી.

—:o:—

પાઠ ૨૫ મો

જીવનું અંશત્વ

તે દિવસે ભગવન્મંડલીમાં ચારે મિત્રો ગયા બાદ જમણવાર હોવાથી મોડું થતું હતું, તેથી તેઓ થોડાક દિવસ જઈ શક્યા નહિ. આજે તો હરિદાસે જવાનો નિશ્ચય કર્યો હતો, તેથી તે ત્રણે મિત્રોને બોલાવી ગયો. સર્વે જય શ્રીકૃષ્ણ કરીને જ મંડલીમાં બેઠા અને વાર્તા વંચાતી હતી તેમાં ભાગ લીધો. વાર્તાનો ચમત્કાર જોઈ સર્વ ચકિત થયા. છેવટે વાર્તા સમાપ્ત થતાં પહેલાંની માફક વાતચીત શરૂ થઈ.

કૃષ્ણશંકર:–અમે એક જગ્યાએ એમ વાંચ્યું છે કે જીવ એ પોતે બ્રહ્મ છે તો તમે તેનું સ્વરૂપ કેવું માનો છો તે વિષે સમજાવો?

કૃષ્ણદાસ:–જીવ પોતે બ્રહ્મ નથી પણ બ્રહ્મનો અંશ છે.

લહેરી:—તેને તો પ્રતિબિંબરૂપ માનેલો છે ને?

વલ્લભદાસ:–ના ભાઈ! ના!! જો સાંભળો! ભગવદ્ ઇચ્છાથી યથામતિ સમજાવું છું. એક ધીગધીગતા અંગારામાંથી જેમ હજારો તણખા નીકળે છે, તેમ જડ, જીવ એ બધું પ્રભુથી થયેલું છે. જેમ તણખાઓ તે અંગારાથી જુદા નથી પણ અંશ જ છે, તેમ જીવ એ પણ બ્રહ્મથી જુદો નથી પણ અંશ જ છે. તણખાની માફક તેઓ બ્રહ્મમાંથી જુદા પડયાં છે. જે બ્રહ્મ છે તેમાં સત્, ચિત્ અને આનંદ ત્રણે રહેલાં છે. જીવમાં આનંદનો તિરોભાવ છે અને જડમાં ચિદ્ અને આનંદનો તિરોભાવ છે. વળી જુઓ આગળ પણ સાંભળો! જીવ મારા જ અંશો છે એમ પ્રભુ શ્રીમુખથી જ આજ્ઞા કરે છે. વળી વ્યાસ સૂત્રો તથા બીજાં શાસ્ત્રોમાં પણ તેનું અંશત્વ બતાવેલું છે

લહેરી:—ત્યારે તો જીવ બ્રહ્મનું પ્રતિબિંબ નહિ ને?

કૃષ્ણ:—ના ભાઈ! બ્રહ્મને નિરૂપ માનીએ તો તેનું પ્રતિબિંબ પડે નહિ. માયાવાદી એમ માને છે કે આકાશનું પ્રતિબિંબ જેમ જળમાં પડે છે તેમ બ્રહ્મનું પડે છે. તેઓ બ્રહ્મને નિરૂપ માને છે. આકાશનું પ્રતિબિંબ પડતું નથી પણ તેની અંદર રહેલા પ્રભામંડળનું પડે છે. માટે તે વાત પણ સાચી માની ન શકાય. તદુપરાંત માયાવાદીઓ અવિદ્યામાં પ્રતિબિંબ પડે છે એમ માને છે અને તે પ્રતિબિંબ તેજ જીવ એમ તેઓનું ધારવું છે. પણ આ ધારવું ખોટું છે. કારણ કે અવિદ્યાનો નાશ થયો કે તરત જ જીવનો પણ નાશ તેની મેળે જ થઇ જાય. જેમ દર્પણના નાશ પછી તેની અંદરના પ્રતિબિંબનો નાશ થાય છે તેમ વળી અવિદ્યા અશુદ્ધ છે તો અશુદ્ધની અંદર પ્રતિબિંબ પડે નહિ.

મધુસુદન:—અમારી શંકાનું સમાધાન થઈ ગયું.

વલ્લભ:—જુઓ ભાઈ, ધાર્મિક પુસ્તકો વાંચતા રહેવું. શ્રીમદ્ વલ્લભાચાર્યનાં પુસ્તકો ખાસ વાંચવાનું કારણ કે તેઓશ્રીએ શાસ્ત્રોને અનુસરીને જ લખેલું છે.

પાઠ ૨૧ મો

પદ બીજું

એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો;
નહીં સ્વામી બીજો રે, મારે નહીં સ્વામી બીજો. ટેક.

અવર કોઈનું કામ ન મારે, રીજો કે ખીજો,
કૃષ્ણ કરે પ્રમાણ, કારજ વણુસો કે સીજો;
પ્રાણ જાએ પણ અન્ય કૃતિમાં, મન રખે ભીજો. ૧

સુખી દુઃખી જેમ ગમે તેમ રાખે, એના ગુણ ગાઉં,
વિના મૂલનો ઘર ગુલામ વેચે ત્યાં વેચાઉં;
એજ ગમ્યો એથી મન માન્યું, બીજો નવ ચાહું,
એના અતિ અવતાર હું કોઇનો દાસ ન કહેવાઉં. ૨

કૃષ્ણ વિના શિર અવર નમે, તો છે દંડ,
નંદકુંવર વિણ નામ જપે તો, જીભ્હા કરૂં શત ખંડ:
અવર દેવની આશ કરે, અધભાજે બ્રહ્માંડ,
અન્ય અમર દર્શન દોડે પગ, તો પાડું પીંડ. ૩

હું ચાતક જળ શ્વાતી શ્રીજી, હું જખ હરિ વારી,
હું હારીલ કાઠી હરિ દઢવંત, ધારી તે ધારી;
અન્ય ન પ્રતિવ્રત જેને નહીં, તે કહીએ વ્યભિચારી,
શ્રીગુરૂ દેવને ભજજો કહે, દયા સદા ટેક મારી ૪

પાઠ ૨૭ મો

શ્રીપુરૂષોત્તમજી

શ્રીવલ્લભાચાર્યજીની આઠમી પેઢીએ આ ગોસ્વામી મહારાજનો પ્રાદુર્ભાવ થયો હતો. તેઓશ્રીનો જન્મ સંવત ૧૭૨૪ ના ભાદરવા સુદ અગીઆરશને દિને થયો હતો. તેઓશ્રીના પિતાનું નામ શ્રીપિતામ્બરજી હતું અને તે વખતે તેઓશ્રી કોટામાં બિરાજતા હતા.

શ્રીપુરૂષોત્તમજી ઘણા વિદ્વાન હતા. તેઓશ્રી બાલ્યાવસ્થામાંથી જ ઘણા પરાક્રમી હતા. તેને માટે એક વાર્તા છે કે એક વખત કોઇ એક સંન્યાસી વાદ કરવાને આવ્યો. તે વખતે તેઓશ્રીના પિતાશ્રી હાજર નહોતા. આથી તેઓશ્રીની માતૃશ્રીએ તેઓશ્રીને એક ઓરડીમાં બેસાડયા અને સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવા કહ્યું. આ વખતે તેઓશ્રીની વય પાંચ કે સાત વર્ષની જ હતી. પાઠ કરવાથી તરત જ વાણીના ઇશ શ્રીમદ્ વલ્લભ પ્રભુ પ્રસન્ન થયા અને તેઓશ્રીના હ્રદયમાં પધાર્યા. ત્યારબાદ તેઓશ્રીએ સંન્યાસી જોડે વાદ કરવા આમંત્રણ મોકલાવ્યું. સંન્યાસી આટલા બાળકને જોઇને હસ્યો પરંતુ જ્યાં વાદ શરૂ થયો કે તરત જ તેને

પોતાની ભૂલ માલુમ પડી. તેઓશ્રીએ તેને હરાવ્યો. જ્યારથી તેઓશ્રીએ પાઠ કર્યો હતો ત્યારથી જ તેઓશ્રીને સર્વ વિદ્યા સ્ફુરી હતી. તેઓશ્રીના સમકાલીન હેમાચાર્ય કે જે જૈન પંથી હતો અને જેણે આખા હિંદુસ્તાનમાં હાક વગાડી હતી તેમને પણ હરાવ્યા. તે વખતના બીજા વિદ્વાન તથા વામમાર્ગીઓને પણ હરાવ્યા. આવી રીતે સર્વત્ર તેઓશ્રીએ વિજય કર્યો. આથી તેઓશ્રીનું નામ **દશદિગન્ત વિજયી શ્રીપુરૂષોત્તમજી** એમ કહેવાય છે. વળી એક કથા છે કે જ્યારે જ્યારે તેઓશ્રી દેશાટન કરતા ત્યારે ત્યારે ૧૫ થી ૨૦ ગાડાં તો ફક્ત પુસ્તકથી ભરેલાં તેઓશ્રીની પાસે રહેતાં. આ ઉપરથી જણાશે કે તેઓશ્રી કેવા સમર્થ વિદ્વાન હતા.

પુષ્ટિમાર્ગને વધુ પ્રકાશમાં આણનાર તેઓશ્રી હતા. તેઓશ્રીએ ઘણાં પુસ્તકો રચ્યાં છે અને આપણા માટે ઘણું સાહિત્ય મૂકી ગયા છે. શ્રીમદ્ વલ્લભ વિરચિત અણુભાષ્ય ઉપર " અણુભાષ્ય પ્રકાશ " નામક ગ્રંથ લખ્યો છે, તત્ત્વદીપ નિબંધ ઉપર આવરણભંગ નામની ટીકા લખી છે, ષોડશ ગ્રંથો કે જેનું અધ્યયન આપણે કરીએ છીએ તેના ઉપર પણ સંસ્કૃત ટીકાઓ કરી છે. તદુપરાંત દરેક વિષયના વાદના ગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે કે જેમાં તે વિષયો સંબંધી જો કોઇ પણ વાદી શંકા કરે તો તેઓશ્રીના ગ્રંથોથી જ

વાદી નિરૂત્તર થઈ જાય, એવા સપ્રમાણ ઘણા વાદ ગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે.

તેઓશ્રીએ પોતાના નિવાસસ્થાન તરીકે સુરત રાખ્યું હતું. તેઓશ્રીનું સેવ્ય સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી હતું.

પાઠ ૨૮ મો

સંન્યાસ

સંન્યાસ એટલે સમ્યક્ પ્રકારે ભગવાનમાં ન્યાસ. પ્રભુમાં એકાગ્રતા, પ્રભુ સિવાય ઈતર પદાર્થમાં અપ્રીતિ વિગેરે સંન્યાસનાં લક્ષણો છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુએ સંન્યાસ નિર્ણય નામનો ગ્રંથ નિજ સેવક નરહરિ સંન્યાસીને શુદ્ધ સંન્યાસનું સ્વરૂપ સમજાવવાને પ્રકટ કર્યો હતો. પશ્ચાતાપની નિવૃત્તિ માટે જ તે હોવો જોઈએ. તેના ત્રણ પ્રકાર છે. (૧) કર્મમાર્ગીય (૨) જ્ઞાનમાર્ગીય (૩) ભક્તિમાર્ગીય. કર્મમાર્ગમાં જીંદગીની આખર સુધી કર્મ કરવાં પડે છે. માટે ત્યાં સંન્યાસની જરૂરીયાત જ જણાતી નથી. જ્ઞાનમાર્ગીય સંન્યાસના બે ભેદ બતાવેલા છે (૧) જ્ઞાન મેળવવાની ઈચ્છાવાળો સંન્યાસ લઈ શકે (૨) વિદ્વત્ સંન્યાસ જ્ઞાન

મેળવવા માટે બીજાની જરૂર પડે. આવી સ્થિતિમાં જો દુઃસંગ થઈ જાય તો તેનો અધઃપાત થાય. માટે આ સંન્યાસ પણ યોગ્ય નથી. વિદ્વત્ સંન્યાસનું જો બરોબર આચરણ થાય તો તે સારો છે પણ તેને પુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી. વળી કદાચ કંઇ પણ દોષ થઈ ગયો કે તરત જ અધઃપાત થાય; માટે આ સંન્યાસ પણ નકામો ગણી શકાય. ફક્ત વિરહના અનુભવને અર્થે સંન્યાસ લઈએ તે સંન્યાસ વખણાય છે. જ્યારે પ્રેમ થઈ આસક્તિ અને છેવટે વ્યસન થાય, પ્રભુ વિના ન રહેવાય ત્યારે જ સંન્યાસ ગ્રહણ કરવો. નહિ તો આપણે ગૃહસ્થાશ્રમ કરતાં પાછળ પડી નરક મેળવીએ. કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગના સંન્યાસ દોષયુક્ત હોવાથી તે ત્યાજ્ય છે. ભક્તિમાર્ગમાં ફકત પ્રભુના વિરહને માટે જ જો તે હોય તો તે વખણાય છે. ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં સાધન દશામાં અને સિદ્ધ દશામાં પરિત્યાગ કરવો તેજ ઉચિત છે. શ્રવણાદિની પ્રવૃત્તિ માટે, અથવા ગૃહાદિના બાધકથી સાધનને માટે આ ભક્તિમાર્ગીય સંન્યાસ થઈ શકે તેમ નથી. પણ ફકત વિરહ અનુભવવાને અર્થે જ થઈ શકે છે. અક્ષર બ્રહ્મ મેળવવા માટે કૌંડિન્ય ઋષિએ સંન્યાસ ગ્રહણ કર્યો હતો અને પુરૂષોત્તમ મેળવવા માટે ગોપીજનોએ સંન્યાસ કર્યો હતો. મર્યાદા માર્ગીઓએ કૌંડિન્ય ઋષિના સંન્યાસનું અનુકરણ

કરવું ઉચિત છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ તો ગોપીજનોના સંન્યાસનું અનુકરણ કરવું ઉછિત છે. તેજ સર્વથી શ્રેષ્ઠ છે. બીજા વેષધારી સંન્યાસીઓ માટે પરમાનંદદાસજી ગાય છે કે:—

बार वर्षको भयो दिगंबर ज्ञानहीन संन्यासी;
खानपान घरघर करत है भस्म लगावत उदासी.

વળી આગળ પણ કહે છે કે:—

परमानंद वेद पढ बिगडयो का पर कीजे कोप.

અત્યારના જમાનામાં આવા જ વેષધારીઓ ઘણે ભાગે જોવામાં આવે છે. જે વેદ ભણ્યો તેજ બગડયો એવી દશા તેઓની હોય છે માટે મારે કોના પર કોપ કરવો, એમ પરમાનંદદાસ ગાય છે.

પાઠ ૨૯ મો

કવિતા

સાચું શ્રીવલ્લભ નામ સાચું સાચું
યાચું હું આઠે યામ યાચું યાચું. ૧
સેવું શ્રીવલ્લભ વંશ, એ બ્રહ્મ હું જીવ અંશ;
સર્વ પાપ કરે વિધ્વંસ. ૨

ગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ સેવે શ્રીગોવર્ધનનાથ,
પ્રેમે નમાવું માથ. ૩.
શ્રીગિરિધર, ગોવિંદરાય ત્રીજા બાળકૃષ્ણ સોહાય,
ગોકુળનાથ શ્રીરઘુનાથ. ૪.
યદુનાથ શ્રીઘનશ્યામ સદા વસે શ્રીગોકુલ ગામ,
એ સાતે લાલનાં નામ. ૫.
શ્રીનવનિત પ્રિય વિઠ્ઠલેશ, દ્વારિકેશ શ્રીગોકુલેશ,
ગોકુલચંદ્ર શ્રીમથુરેશ. ૬.
શ્રીમદનમોહનલાલ સેવે સાતનિધિ સાતલાલ,
શ્રીવલ્લભનો પરિવાર. ૭.
કીર્તનકાર પરમાનંદ બીજા નંદ અને ગોવિંદ,
ચોથા દાસ એ કુંભન. ૮.
સુરદાસ, ચત્રુભુજદાસ, છિતસ્વામી અને કૃષ્ણદાસ,
કહે કવિ પુરૂષોત્તમદાસ. ૯.

પાઠ ૩૦ મો

અનન્યાશ્રય

અનન્ય એટલે બીજાનો નહિ તે; અને આશ્રય એટલે આધાર. બીજા દેવનો આશ્રય નહિ તે. દરેક માણસે અનન્યાશ્રયી જ થવું જોઈએ. એક જ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી. બીજા દેવોની નહિ. કારણ કે શ્રીકૃષ્ણ પૂર્ણ પુરૂષોત્તમ છે.

સર્વથી અધિક છે. સર્વ દેવો તેમને ભજે છે. સર્વ તેમની આજ્ઞામાં રહે છે. જેનાથી આ જગતની ઉત્પત્તિ થઈ અને બ્રહ્મા, મહાદેવ, શેષનાગ ઇત્યાદિ જેને કળી શકતા નથી એવા તે સમર્થ છે. માટે જ તેમને ભજવા જોઇએ. જો આપણે ઝાડનાં મૂળીઆંને પાણી સીંચીએ તો તે ઝાડ વધે છે પણ ડાળાં કે પાંદડાં ઉપર રેડવાથી તે કહોવાઇ જઈ ક્ષય પામે છે. બીજા દેવો ડાળાં તથા પાંદડાં રૂપ છે. શ્રીકૃષ્ણ જ મૂળ રૂપ છે, માટે એમની સેવા કરવી જોઇએ. કદાચ જો આપણે બીજા દેવોને ભજીએ તો આપણને મોક્ષ પણ ન આપી શકે. જો તેની ઘણી જ ભકિત કરીએ તો શ્રીકૃષ્ણ મારફત મોક્ષ અપાવે. પણ શ્રીકૃષ્ણ ગમે તેવું ફળ પણ આપવાને સમર્થ છે. તે દેવોને પોતાના ભકતની ઇચ્છા પૂર્ણ કરવા માટે પ્રભુ પાસે જવું પડે છે. બીજા દેવોને ભજવાથી જે ફળ થાય તે નાશવંત હોય છે. કારણ કે તે દેવો પોતે જ નાશવંત અને ભયવાળા હોય છે તેથી અવિનાશી અને ભય વગરનું ફળ તો માત્ર શ્રીકૃષ્ણ કે જે અવિનાશી તથા ભય વગરના છે તેજ આપી શકે છે. પ્રભુ જે ખરો અનન્યાશ્રયી હોય છે તેને વશ છે. તેને સર્વ પ્રકારનું દાન કરે છે. તેને જ પોતાના સ્વરૂપાનંદનો રસ ચખાડે છે. પ્રભુ આવા ભકતોનાં વખાણ કરે છે.

“ હું વેદથી, તપથી, દાનથી, યજ્ઞથી, વગેરે વડે

પ્રાપ્ય નથી; ફક્ત અનન્ય ભક્તિ વડેજ પ્રાપ્ય છું. જેમને અનન્ય ભક્તિથી ભજે છે તે મારામાં છે અને હું તેમાં છું. જે લોકો સર્વ કર્મનો ત્યાગ મારામાં કરી મન્નિષ્ઠ થાય છે, અનન્ય યોગથી મારૂં ધ્યાન ધરે છે, મને ઉપાસે છે, તેનો મૃત્યુ સંસાર સાગરમાંથી ઉદ્ધારનાર હું છું." આ પ્રમાણે ઘણાં વાક્યો પ્રભુએ ગીતા, ભાગવતાદિમાં કહેલાં છે. માટે હંમેશાં પ્રભુનો દૃઢ આશરો રાખવો. હંમેશાં સર્વ ભાવથી શ્રીગોકુલેશ્વરના ચરણકમલનું જ ધ્યાન કરવું, તેનો જ દૃઢ આશ્રય રાખવો એ જીવનું કર્તવ્ય છે.

વિશેષમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે બીજા બધા દેવો પ્રાકૃત છે. તેઓનો આનંદ ગણી શકાય તેવો છે. ફક્ત શ્રીકૃષ્ણ પૂર્ણ બ્રહ્મ, પૂર્ણાનંદ છે. વળી "મંત્રાધીન સહુ દેવતા" એમ દયારામભાઈ પણ કહે છે. માટે શ્રીકૃષ્ણ જ પુરૂષોત્તમ છે. તેજ ભગવાન છે એમ શ્રીમદ્ ભાગવત પણ કથે છે.

પાઠ ૩૧ મો

ગુરૂભક્તિ

ગુરૂની ભક્તિ કરવી એ દરેક જીવનો ધર્મ છે. તે ભક્તિ પ્રેમ સહિત હોવી જાઈએ. પ્રેમ સહિત જે ભક્તિ

આપણે કરીએ તેનું ફળ સુંદર અને તરત જ મળે છે. ગુરૂ એજ આપણા સાચા ઉદ્ધારક છે. તેજ આપણને આ સંસાર સાગરમાંથી તારે છે. માટે તેમની ભક્તિ કરવી જરૂરની છે.

દયારામભાઈ પોતાના કાવ્યમાં લખી ગયા છે કે હરિ, ગુરૂ અને વૈષ્ણવ ત્રણેને સરખા ગણવા જોઈએ. ખરેખર ! ખરેખર રીતે તપાસતાં તે ત્રણ એકજ સ્વરૂપ છે. શ્રીમ-દાચાર્યજીએ આ પુષ્ટિમાર્ગનું સ્થાપન કર્યું અને જીવોનો ઉદ્ધાર માર્ગ સહેલો બતાવ્યો. તેમના વંશજો અત્યારના ગોસ્વામી બાલકો છે. જેવો ભાવ શ્રીમહાપ્રભુજીમાં આપણે રાખીએ છીએ તેવો જ ભાવ અત્યારના ગોસ્વામી બાલકોમાં રાખવો ઘટે છે. શ્રીગુસાંઈજી પોતે શ્રીસર્વોત્તમ સ્તોત્ર નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે. "શ્રીમદાચાર્યજીએ પોતાના વંશમાં અશેષ મહાત્મ્ય સ્થાપન કર્યું." આ સર્વ ઉપરથી આપણે આદરપૂર્વક ગુરૂની સેવા કરવી જોઈએ. ગુરૂની ભક્તિ કરતાં કાંઇ પણ જોવું નહિ. તે કરે છે તે સારા માટે જ; કારણ કે આપણને આપણી લૌકિક દૃષ્ટિથી તે ગમે તેમ દેખાય. વળી તેમાં પણ દુઃસંગથી સાવચેત રહેવું. કારણ કે ગમે તેમ ભોગવનારા માણસો મળે છે. તેઓ કંઈ પણ જાતનો વિચાર કરતા નથી. શ્રદ્ધાપૂર્વક કરેલી ભક્તિ સફળ થાય છે.

પાઠ ૩૨ મો

કવિતા

કૃષ્ણ શ્રીકૃષ્ણ મન માંહી ગતિ જાનીએ ... ... ટેક.
દેહ, ઇન્દ્રિય, પ્રાણ, દારાગારાદિ, વિત્ત આત્મા સકલ
શ્રીકૃષ્ણકી માનીએ. ૧.
કૃષ્ણ મમ સ્વામી, હું દાસ મન બચ કર્મ, કૃષ્ણ કર્તા
યેહી સદા જીયે જાનીએ;
કૃષ્ણદાસાની નાથ હરિદાસ વર્ય ધર ચરણ રજ વલ્લભાધીશ
શીર સાનીએ. ૨.

પાઠ ૩૩ મો

શ્રદ્ધા

શ્રદ્ધા એટલે કે સંપૂર્ણ વિશ્વાસ. મંદિરમાં દર્શનાર્થે જઇએ છીએ. શા માટે જઇએ છીએ? તેના જવાબમાં કહીશું કે કોઇક દિવસ પણ પ્રભુ સાક્ષાત થશે. આ જે કહ્યું તે શ્રદ્ધા.

ખરેખર! શ્રદ્ધાથી આપણુને કાર્ય સહેલ થાય છે. કાંઈ કાર્ય શરૂ કર્યું, પછીથી શ્રદ્ધા રાખીને કરીએ તો જરૂર પૂર્ણ થાય. માટે દરેક વસ્તુમાં શ્રદ્ધા એ મુખ્ય વસ્તુ છે. શ્રદ્ધાવાન્ જ્ઞાન પામે છે એમ ગીતાજીની અંદર છે. આ ઉપરથી એમ પણ કહી શકીએ કે દરેક ચીજ તેનાથી સિદ્ધ થાય છે. ઉપર પ્રમાણે પ્રભુમાં પણ શ્રદ્ધા રાખો. પ્રભુ સારૂં જ કરશે. તેજ સમર્થ છે. માટે કંઈ પણ ચિંતા કર્યા વગર શ્રદ્ધા રાખી પ્રભુની સેવા કરવી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે કોઈ પણ દિવસ અવિશ્વાસ કરવો જોઇએ નહિ. જો અવિશ્વાસ કરીએ તો માઠું પરિણામ આવે. માટે જરૂર શ્રદ્ધા રાખવી. શ્રદ્ધા રાખવાથી એક ગણિકાએ શિવજીને પ્રસન્ન કર્યા હતા. તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ–

એક વખત મહાદેવજી અને પાર્વતીજી વિમાનમાં બેસી જતાં હતાં. ત્યાં તેમણે જોયું તો લગભગ દરેક માણસ ગંગાજીની અંદર સ્નાન કરી શિવ શિવ કરતા જતા હતા. પાર્વતીજીએ મહાદેવજીને કહ્યું કે આટલા બધા માણસો ગંગાજી જેવાં પવિત્ર નદીમાં પવિત્ર થઈ શિવ શિવ બોલે છે તો આપણા કૈલાસમાં આટલા બધા માણસો સમાશે કેવી રીતે? મહાદેવજીએ કહ્યું કે તેમ નથી. તમારે જોવું હોય તો ચાલો; પછીથી શિવજીએ એક ઘરડા ડોસાનું સ્વરૂપ ધારણ કર્યું તથા પાર્વતીજીએ એક સામાન્ય સ્ત્રીનું સ્વ-

રૂપ ધારણ કર્યું. તેઓ બન્ને ગંગાજીની પાસેના મોટા રસ્તા ઉપર બેઠાં અને સ્નાન કરી જતા લોકોને કહેવા લાગ્યાં કે મારા સ્વામી જે આ ઘરડા છે તેમને ઘોડા ઉપર બેસાડો તો હું લઈ જાઉં, પણ જે પુણ્યશાળી હોય તેજ બેસાડી શકે. બીજો જો બેસાડે તો બળીને ભસ્મ થઈ જાય. ગંગાજીની અંદર સ્નાન કરી પવિત્ર હોવા છતાં તેમ કરવાની કોઈની હિંમત ચાલી નહિ. છેવટે એક ગણિકાએ બેસાડયા. તે ઘણી પાપી હતી પરંતુ તેણે ગંગાજીમાં સ્નાન કરેલું હોવાથી શ્રદ્ધા હતી કે તે પવિત્ર થઈ છે. મહાદેવજીએ પાર્વતીજીને કહ્યું કે આ એકલી કૈલાસમાં આવવાને લાયક છે. બીજા કોઈ લોકને શ્રદ્ધા ન રહી. ગણિકા વગર બીજા કોઈ પણ લોકને એવી શ્રદ્ધા ન રહી કે ગંગાજીમાં સ્નાન કરવાથી પાપ દૂર થાય છે. પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરવી અને તે પણ વળી શ્રદ્ધાપૂર્વક. અવશ્ય પ્રભુ ફળદાન કરશે.

પાઠ ૩૪ મો

સેવાફલતાત્પર્ય (ભાગ ૧ લો)

નિ:સાધન જીવોના ઉદ્ધારને માટે પ્રકટ થયેલા શ્રીમહાચાર્યવર્યે, થોડી મહેનતથી બધા સિદ્ધાન્તો જાણી શકાય

એટલા માટે ઘણી કૃપા કરીને ષોડશ ગ્રન્થો લખ્યા છે. દરેક ગ્રન્થ જુદા જુદા અધિકારીને ઉદ્દેશીને યોજેલા છે. સેવાફલ નામનો ગ્રંથ વિષ્ણુદાસ નામના વૈષ્ણવને માટે યોજેલો હતો. સેવાફલ ગ્રન્થ ષોડશ ગ્રન્થમાં છેલ્લો છે. આ ગ્રન્થ નિગૂઢ હોવાથી અને બધા પુરુષાર્થનું પ્રતિપાદન કરતો હોવાથી શ્રીમહાચાર્યજીએ પોતે જ તેના ઉપર વિવરણ કર્યું છે; અને તે બન્ને ઉપર પછીથી મહાન્ ગોસ્વામી બાલકોએ તથા વિદ્વાન્ ભટ્ટ વૈષ્ણવોએ પોતાની શક્તિ પ્રમાણે ટીકાઓ લખી છે.

જીવોના કલ્યાણને માટે શ્રીમહાચાર્યજીએ પૂજા માર્ગથી જુદી જ જાતનો સેવામાર્ગ પ્રવર્તાવ્યો છે અને તેમાં વિધિ નહિ પણ સ્નેહ જ પ્રધાનપદ ભોગવે છે. અનર્થ ઉપજાવનાર અહંતામમતાના નાશ વગર ચિત્તનું એકતાનપણું ભગવાનમા થતું નથી તેથી શ્રીમહાચાર્યજીએ તનુજા અને વિત્તજા સેવા ઉપદેશી છે. અહંતા રૂપ શરીર અને મમતા રૂપ ધનનો વિનિયોગ જ્યારે સર્વાંશે ભગવાનને અર્થે થાય ત્યારે અહંતા મમતા પલટાઈ જાય અને ચિત્તનો બધી બાજુથી સંબંધ છુટો થતાં તે ભગવાનમાં પરોવાય છે; એટલે કે ભગવદીયની અહંતા મમતા પણ ભગવદીય બને છે. પછીથી તે બાધક મટી જાય છે પણ ઉલટી પરમ ફલની સાધક બની જાય છે. દેહ અને ધનનો વિનિયોગ સાક્ષાત ભગવાને

શ્રીમહાચાર્યજીને જણાવેલા સર્વસ્વ સમર્પણ રૂપ બ્રહ્મસંબંધ-દ્વારા શરણાંગત જીવોથી થઈ શકે છે. જીવન્મુકિત તથા બીજાં ફળ જ્ઞાનનિષ્ઠ જીવોને જે મહામહેનતે પણ નથી મળતાં તે શરણાંગત જીવોને બ્રહ્મસંબંધ થતાં અનાયાસે મળી જાય છે. હવે ચિત્ત પ્રવણદ્વારા સેવા માનસી-આધિદૈવિકી બને છે ત્યારે તે સ્વત: ફલરૂપ બને છે. ત્યારબાદ સેવા વિના બીજા કશાની અપેક્ષા રહેતી નથી. આવી ફલ-રૂપ સેવા કેવલ ભગવાનના અનુગ્રહથી જ થઇ શકે છે; તેથી સેવાફલમાં જે ફલ કહેવામાં આવેલું છે, તે માત્ર પુષ્ટિમાર્ગીય સેવાનું જ કહેવામાં આવેલું છે. આ સેવામાર્ગમાં ક્રિયા કે જ્ઞાન નહિ પણ પ્રેમ જ મુખ્ય છે અને તેમાં અધિકાર બધા ભગવદ્‌ભાવવાળાઓને છે. આ પ્રકારની પુષ્ટિમાર્ગીય સેવાથી ઉત્તમ, મધ્યમ અને સાધારણ ભેદ પ્રમાણે ત્રણ પ્રકારનું ફલ મળે છે. ઉત્તમ કે જે પુષ્ટિપુષ્ટિ સેવા છે તેનાથી અલૌકિક સામર્થ્ય મળે છે. મધ્યમ કે જે પુષ્ટિ મર્યાદા સેવા છે તેનાથી સાયુજ્ય મુકિત મળે છે અને સાધારણ કે જે પુષ્ટિપ્રવાહ સેવા છે તેનાથી સેવોપયોગી દેહ મળે છે.

અલૌકિક સામર્થ્ય એટલે કે જેના વડે રસાત્મક ભગવાનના પૂર્ણ સ્વરૂપના આનન્દનો અનુભવ થઇ શકે તે ભગવાનના આવેશથી મળતી યોગ્યતાને અલૌકિક સામર્થ્ય

કહે છે. આ ફલ કંઈ જીવ પોતાની કૃતિથી મેળવી શકતો નથી પરન્તુ ભગવાનના અનુગ્રહ એટલે કે કૃપાથી જ મેળવી શકે છે. આ ફળ ગોપવધૂઓને મળ્યું હતું.

સાયુજ્ય એટલે ભગવાનની સાથે સંબંધ થવો તે. તેના બે પ્રકાર છે. રૂઢ અર્થમાં અને યૌગિક અર્થમાં. પહેલો એકત્વરૂપ છે, અભેદ રૂપ છે, જ્ઞાન મિશ્રિત છે અને તે સંયોગરૂપ છે. બીજો ભક્તિરૂપ છે અને વિપ્રયોગ સૂચવે છે. એક શાસ્ત્રીય પ્રકાર છે અને બીજો ભક્તિ માર્ગીય પ્રકાર છે છતાં બન્નેનો ઉદ્દેશ એક છે. આ પુષ્ટિમર્યાદા ભક્તિનું ફળ છે.

વૈકુણ્ઠ, મથુરાં, વૃન્દાવનાદિમાં સેવામાં ઉપયોગી દેહ મળે તેને સેવોપયોગી દેહ કહે છે. આ પુષ્ટિપ્રવાહ ભક્તિનું ફળ છે.

પાઠ ૩૫ મો

સેવાફલતાત્પર્ય (ભાગ બીજો)

શ્રી મહાપ્રભુજીએ સેવાનાં ફળ બતાવ્યાં. હવે તેમાં આવતી અડચણો બતાવે છે. સેવામાં ત્રણ વસ્તૂ બાધક છે. ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ.

ઉદ્વેગ એટલે કે સેવા કરતાં મન ભટકે અથવા તો, કોઈપણ પ્રકારની ચિન્તા કે ક્લેશ થવાથી ચિત્ત અસ્થિર થાય તે. આ ઉદ્વેગ સેવામાં પ્રતિબંધરૂપ હોવાથી તેનો ત્યાગ કરવો જોઇએ.

પ્રતિબંધ એટલે કે સેવા કરતાં લૌકિક, વૈદિક કાર્યમાં આસક્તિ થાય, મ્લેચ્છ અને બહિર્મુખનો ઉપદ્રવ થાય, તો પ્રતિબંધ થાય છે. આ પ્રતિબંધ બે પ્રકારના છે. સાધારણ અને ભગત્કૃત. પહેલાંનો બુદ્ધિથી ત્યાગ થઈ શકે છે, બીજો ભગવત્કૃત હોવાથી નથી થઈ શકતો. ભગવત્કૃત પ્રતિબંધ પ્રતિબંધ હોય તો તત્ત્વથી એમ જાણવું કે પોતાનામાં આસુરભાવ છે અને તેથી ફળમાં વિલંબ થાય છે. એમ ધારવાથી શોક દૂર થશે.

ભોગ બે પ્રકારના છે. લૌકિક અને અલૌકિક. લૌકિક ત્યાજ્ય છે, લૌકિક ભોગનો ત્યાગ ગૃહ ત્યાગ વિના નથી થઈ શકતો. અલૌકિક ભોગ ગ્રાહ્ય છે. ભગવાનને નિવેદન કરનારનો ભોગ અલૌકિક છે. ભગવાનના સ્મરણ પૂર્વક કરેલો ભોગ બાધક નથી.

આ જો કે જીવની પોતાની કૃતિથી શક્ય નથી, છતાં જીવે કર્તવ્ય તરીકે પણ કરવું. ભગવાનની પ્રેરણા વિના જીવથી પોતાના બલ વડે કાંઈ પણ થઈ શકતું નથી તેથી ભગવાનની પ્રેરણાથી અને ભગવાનના બલ વડે જે કંઈ બની

શકે તે કરવું. કંઈ નહિ તો ભગવાનના શરણની ભાવના તો અવશ્ય કરવી. શાન્ત ન બેસી રહેવું. ભગવાનવિરૂદ્ધ-ધર્માશ્રયવાળા હોવાથી પુષ્ટિમાર્ગમાં તે પોતે જ સાધન અને ફલ બને છે.

પાઠ ૩૬ મો

કવતા

શું જાણે વ્યાકરણી વસ્તુને, શું જાણે વ્યાકરણી:
મુખપર્યંત ભર્યું ઘૃત તદપી, સ્વાદ ન પામે ભરણી. ૧
સુંદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી:
અંતર માંહે અગ્નિ વસે પણ, આનંદ પામે ન અરણી. ૨
નિજ નાભિમાં કસ્તુરી પણ, હર્ષ ન પામે હરણી;
દયો કહે ધન દાટ્યું ઘણું, જ્યમ ધનવંત કહાવે નિર્ધણી. ૩

પાઠ ૩૭ મો

દુઃસંગ

દુઃસંગ એટલે કે ખરાબ સોબત. તે એક ખરાબમાં ખરાબ વસ્તુ છે. તેને ત્યજવી એ આપણો ધર્મ છે. જેવી સોબત કરીએ તેવું ફળ મળે. આપણે સાંભળીએ છીએ કે "સોબત તેવી અસર" સારી સોબત કરી ખરાબ સોબતનો

ત્યાગ કરવો જોઈએ. દુઃસંગથી આપણું મન ચલાયમાન થઈ જાય છે. મન ઘણું ચપળ હોય છે. સારી વસ્તૂની અસર કરતાં ખરાબ વસ્તૂની અસર તેના ઉપર જલ્દી થાય છે. સંગ ના હોય તે સારો, પણ દુઃસંગ ખોટોજ; કારણ કે સંગ ન હોય તો તેના મન ઉપર ખરી અથવા ખોટી કંઈ અસર જ ન થાય અને કોઈ દિવસ સારી સોબતથી સુધરે, પણ ખરાબ સોબત હોય તો જરૂર બગડે. ધીમે ધીમે ખરાબ કાર્યો કરતાં પણ શીખે. સંગ નહોય, અથવા તો સારી સોબત પણ નહોય તો પણ સારૂં; કારણ કે ત્યાંસુધી તે પોતાના મનની સત્યતા પ્રમાણે સારૂં કાર્ય કરી શકશે, પણ જ્યાં ખરાબ સંગ લાગ્યો એટલે તે બીજાના કહેવા પ્રમાણે દોરવાશે.

દુઃસંગ પ્રભુનું નામ પણ વિસરાવે છે. જેમ ઝાડ વંટોળીયાથી મૂલ સહિત ઉખડી પડે છે, તેમ દુઃસંગથી ભગવદ્ભાવનો નાશ થાય છે. દુઃસંગથી જ ખરાબ પરિણામો આવે છે. ખરાબ માણસ સારા કે ખોટાનો વિચાર કરતો નથી. ગમે તે કાર્ય કરી નાખવા તત્પર થઈ જાય છે. તે પોતાના સ્વાર્થમાં જ તૈયાર હોય છે. સ્વાર્થની જ ભાઈબંધી બાંધે. ખરાબ સોબતે ચઢાવે; માટે દરેક રીતે સાવચેત રહી તેવી સોબત ન થાય તેને માટે સાવચેત રહેવું.

સમાપ્ત

આશ્રયદાતાઓનાં નામ

૭૫) ભગવદીય વિઠ્ઠલદાસ છગનલાલ ઘોઘા

૨૫) ભગવદીય ગોરધનદાસ ચુનીલાલ શાહ

૧૫) ભગવદીય મોહનલાલ ધનજીભાઈ સરૈયા

૫) ભગવદીય પીતાંબરદાસ પ્રભુદાસ પટવા

૫) ભગવદીય જમનાદાસ ગોવિંદજી

૨) ભગવદીય મૂળજીભાઈ અમથાભાઈ શાહ